

नवसर्जन संस्कृति

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 106
Dt.: 20-02-2026,
Friday
Page:04
Rs.00.50 paisa


### રશિયાની અમેરિકાને ખુલ્લી ચેતવણી

# 'ઈરાન સાથે યુદ્ધના ભયાનક પરિણામો આવશે': રશિયા

### ઈરાન પર કોઈ પણ પ્રકારનો સૈન્ય હુમલો કરવામાં આવશે, તો તેનાથી માત્ર પ્રાદેશિક જ નહીં પરંતુ વૈશ્વિક સ્તરે વિનાશક અસરો જોવા મળશે

(સંપૂર્ણ સમાચાર સેવા)કિવ

મધ્ય પૂર્વમાં વધી રહેલા તણાવ વચ્ચે રશિયાએ અમેરિકા અને ઈઝરાયેલને ગંભીર પરિણામો ભોગવવાની ચીમકી આપી છે. રશિયાના વિદેશ મંત્રી સેરગેઈ લાવરોવે સ્પષ્ટ કર્યું છે કે જો ઈરાન પર કોઈ પણ પ્રકારનો સૈન્ય હુમલો કરવામાં આવશે, તો તેનાથી માત્ર પ્રાદેશિક જ નહીં પરંતુ વૈશ્વિક સ્તરે વિનાશક અસરો જોવા મળશે.રશિયાના વિદેશ મંત્રી સેરગેઈ લાવરોવે એક તાજેતરના ઈન્ટરવ્યુમાં જૂન 2025માં થયેલા હુમલાઓનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે, 'ઈરાનની પરમાણુ સુવિધાઓને નિશાન બનાવવી એ આંતરરાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો છે. આવા હુમલાઓ આંતરરાષ્ટ્રીય પરમાણુ ઉર્જા એજન્સી અને પરમાણુ અપ્રસાર સંધિ ના અસ્તિત્વને જોખમમાં મૂકે છે.'હુમલાઓને કારણે ઈરાન હવે તેની પરમાણુ સામગ્રીની ભૌતિક સુરક્ષા અંગે ગંભીરતાથી પુનર્વિચાર કરી રહ્યું છે. જો કે, રશિયાએ ભારપૂર્વક કહ્યું છે કે આ સામગ્રી હાલમાં IAEA ના કડક નિયંત્રણ હેઠળ છે.

આ તણાવ વચ્ચે ઈરાન અને રશિયાએ પોતાની મિત્રતા વધુ મજબૂત કરી છે. બંને દેશોએ ઓમાનના અખાત અને ઉત્તરી હિન્દ મહાસાગરમાં સંયુક્ત નૌકાદળ કવાયતની જાહેરાત કરી છે. આ કવાયતને પશ્ચિમી દેશો માટે સીધો પડકાર માનવામાં આવી રહ્યો છે.અહેવાલો અને 'એક્સિઓસ'ના ડેટા અનુસાર, અમેરિકાએ આ વિસ્તારમાં અભૂતપૂર્વ લશ્કરી તૈયારીઓ કરી છે. 2 વિમાનવાહક જહાજો અને એક ડઝનથી વધુ યુદ્ધ જહાજો તહેનાત કરાયા છે. F-35, F-22 અને F-16 સહિત 50 થી વધુ અત્યાધુનિક ફાઈટર જેટ્સ રવાના. આ ઉપરાંત 150થી વધુ કાર્ગો ફ્લાઈટ્સ દ્વારા સતત દારૂગોળો અને શસ્ત્રો પહોંચાડવામાં આવી રહ્યા છે.

### પીએમ મોદી સાથે એડવાન્સ ટેક પર કરી ચર્ચા

# અબુ ધાબીના ક્રાઉન પ્રિન્સનું દિલ્હીમાં થયેલું આગમન

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દિલ્હીમાં યોજાઈ રહેલા 'એઆઈ ઈમ્પેક્ટ સમિટ-૨૦૨૬' વિશ્વભરમાં આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. વિશ્વભરના અનેક નેતાઓ, ઉદ્યોગપતિઓ પણ સમિટની મુલાકાત લઈને અભિભૂત થઈ રહ્યા છે.

તાજેતરમાં જ ગુગલના સીઈઓ સુંદર પિચાઈએ સમિટની મુલાકાત લીધી હતી, ત્યારે હવે અબુધાબીના ક્રાઉન પ્રિન્સ શેખ ખાલિદ બિન મોહમ્મદ બિન જાયદ અલ નાહયાન સમિટમાં ભાગ લેવા માટે દિલ્હી આવ્યા છે. તેમણે દિલ્હીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે દ્વિપક્ષીય મુલાકાત કરી છે, જેનાથી ભારત-યુએઈ વચ્ચે ટેકનોલોજીના નવા યુગનો પ્રારંભ થયો છે. વડાપ્રધાન મોદીએ અબુધાબીના ક્રાઉન પ્રિન્સ (Abu Dhabi Crown Prince Khaled bin Mohamed Al Nahyan) સાથે મુલાકાત અંગે ટ્વિટ કરીને માહિતી આપી છે. તેમણે લખ્યું છે કે, 'દિલ્હીમાં એઆઈ ઈમ્પેક્ટ સમિટ દરમિયાન અબુ ધાબીના ક્રાઉન પ્રિન્સ મહામહિમ શેખ ખાલિદ બિન મોહમ્મદ બિન જાયદ અલ નાહયાન સાથે ફળદાયી ચર્ચા થઈ. અમે એઆઈ, સુપર કોમ્પ્યુટર્સ, ભારતમાં ડેટા સેન્ટર્સમાં રોકાણ અને તેનાથી પણ આગળ વધીને ભવિષ્યના ક્ષેત્રોમાં સહયોગ વધારવા અંગે વાતચીત કરી.'

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે વડાપ્રધાન મોદી અને યુએઈના ક્રાઉન પ્રિન્સ વચ્ચે થયેલી મુલાકાત અંગે માહિતી આપતા કહ્યું કે, બંને નેતાઓની બેઠકમાં ત્રણ મહત્ત્વની બાબતો અદ્યતન ટેકનોલોજી, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને વ્યૂહાત્મક ભાગીદારી વધારવા પર ઊંડાણપૂર્વક ચર્ચા થઈ છે. જયસ્વાલે કહ્યું કે, 'ભારત-યુએઈ ગાઢ મિત્રો હોવાની સાથે વિશ્વાસપાત્ર ભાગીદાર પણ છે. બંને દેશો આ ત્રણ મહત્ત્વની બાબતો પર સાથે મળીને કામ કરી રહ્યા છે.' તેમણે સોશિયલ મીડિયા પર લખ્યું છે કે, 'ક્રાઉન પ્રિન્સનું એઆઈ ઈમ્પેક્ટમાં સ્વાગત છે. બંને દેશો સાથે મળીને એઆઈ ટેકનોલોજીને આગળ વધારી રહ્યા છે.' ઉલ્લેખનીય છે કે, નવી દિલ્હીના પ્રતિષ્ઠિત ભારત મંડપમમાં ૨૦ ફેબ્રુઆરી સુધી 'એઆઈ ઈમ્પેક્ટ સમિટ-૨૦૨૬' યોજાઈ રહ્યો છે. વૈશ્વિક દક્ષિણમાં પ્રથમવાર આવું સંમેલન યોજાયું છે. આ સમિટનો મુખ્ય ઉદ્દેશ્ય આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની બદલાતી અને પ્રભાવશાળી ભૂમિકા પર ચર્ચા કરવાનો છે તેમજ એઆઈના વિકાસને માનવ હિત અને વૈશ્વિક સંતુલન સાથે આગળ વધારવાનો છે. હાલ વિશ્વભરમાં એઆઈનો દબદબો જોવા મળી રહ્યો છે, ત્યારે ભારતમાં એઆઈ વિષય પર યોજાઈ રહેલા આ સમિટે વિશ્વભરને આકર્ષિક કર્યું છે.

આ સમિટમાં ૧૧૦થી વધુ દેશો, ૩૦ આંતરરાષ્ટ્રીય સંગઠનો, ૨૦ દેશોના મુખ્ય નેતાઓ અને લગભગ ૪૫ મંત્રીઓએ ભાગ લીધો છે. આ સમિટ માત્ર ટેકનોલોજીના પ્રદર્શન માટે નથી, પરંતુ વિશ્વના તમામ દેશો સાથે મળીને એઆઈ માટે એવા નિયમો અને માળખું તૈયાર કરે જે લાંબા ગાળે સૌના હિતમાં હોય. ભારત અહીં એક સેતુ તરીકે કામ કરી રહ્યું છે જે પશ્ચિમી દેશો અને વિકાસશીલ દેશોને એઆઈના માધ્યમથી જોડે છે.

### મધ્યસ્થી બનેલાં અમેરિકાએ મંત્રણાને અર્થસભર ગણાવી

# જિનીવામાં રશિયા-યુક્રેન વચ્ચે તણાવ ઘટાડવાનો પ્રયાસ નિષ્ફળ

### વાટાઘાટોના પ્રથમ દિવસે રશિયાએ યુક્રેન પર ડ્રોન હુમલા કર્યા હતાં, જેમાં બે બાળકના મોત થયા હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)મથુરા

અમેરિકાની મધ્યસ્થીમાં જિનવા ખાતે રશિયા અને યુક્રેનના પ્રતિનિધિઓ વચ્ચે વાટાઘાટો યોજાઈ હતી.

આગામી સપ્તાહે રશિયા-યુક્રેન યુદ્ધના ચાર વર્ષ પૂરા થઈ રહ્યા છે ત્યારે વાટાઘાટો બાદ બંને દેશોએ કોઈ ફળદાયી પરિણામ મળવાની શક્યતા નકારી દીધી હતી. સ્વિટ્ઝર્લેન્ડના જિનીવામાં યુક્રેન-રશિયા વચ્ચે વાટાઘાટોનો ત્રીજો રાઉન્ડ યોજાયો હતો.

અગાઉ અબુ ધાબી ખાતે બંને દેશના પ્રતિનિધિ મળ્યા હતા, પરંતુ તેમાં યુદ્ધ વિરામના સંકેત નહીં મળતા અમેરિકાની મધ્યસ્થીમાં ફરી એક વખત વાટાઘાટોનું આયોજન થયુ હતું. અગાઉ અબુ ધાબીમાં મંત્રણા હકારાત્મક હોવાનું બંને દેશ જણાવી ચૂક્યા હતા, પરંતુ નક્કર પ્રગતિ હાંસલ થઈ ન હતી. ત્રીજા રાઉન્ડ બાબતે બંને દેશ સકારાત્મક નથી.યુક્રેનના પ્રમુખ વોલોડિમીર ઝેલેન્સ્કીએ કહ્યું હતું કે, વાટાઘાટો સરળ ન હતી અને તે પડી ભાંગી છે.

ઝેલેન્સ્કીએ સૈન્યની દૃષ્ટિએ આ વાટાઘાટોને સકારાત્મક કહેતાં ઉમેર્યુ હતું કે, બંને દેશના સૈન્ય દળો ભવિષ્યમાં શસ્ત્રવિરામ પર દેખરેખ માટે સંમત થયા છે. અમેરિકાના નેતૃત્વમાં ત્રીજા પક્ષો શસ્ત્ર વિરામ પર નજર રાખી શકે છે. ટ્રમ્પના વિશેષ દૂત સ્ટીવ વિટકોફે આ મંત્રણામાં અર્થસભર પ્રગતિ સધાઈ છે.

વાટાઘાટોના પ્રથમ દિવસે એટલે કે મંગળવારે રશિયાએ યુક્રેન પર ડ્રોન હુમલા કર્યા હતાં, જેમાં બે બાળકના મોત થયા હતા. રશિયાએ ૧૨૬ મિસાઈલ પણ ઝીંકી હતી.

### ભારતે ઈઝરાયલને મોટો ઝટકો આપ્યો

# સંયુક્ત રાષ્ટ્રમાં વેસ્ટ બેન્કમાં કબજાને ગેરકાયદે ગણાવ્યો

### સંયુક્ત રાષ્ટ્રના સભ્યોએ ગાઝામાં કાયમી યુદ્ધવિરામ અને વેસ્ટ બેંકમાં ઈઝરાયલના વિસ્તરણવાદને અટકાવવાની અપીલ કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગામી ઈઝરાયલની મુલાકાત પહેલા ભારતે સંયુક્ત રાષ્ટ્ર (યુએન)માં એક મોટો અને કડક કૂટનીતિક નિર્ણય લીધો છે. પેલેસ્ટાઈનના વેસ્ટ બેંક વિસ્તાર પર ઈઝરાયલના વધતા કબજાના પ્રયાસો સામે ભારતે ૧૦૦થી વધુ દેશો સાથે મળીને સત્તાવાર રીતે નિંદા પ્રસ્તાવ પર હસ્તાક્ષર કર્યા છે.ભારતે સંયુક્ત રાષ્ટ્રમાં પેલેસ્ટાઈનના પક્ષમાં અને ઈઝરાયલની વેસ્ટ બેંકમાં વધી રહેલી ગતિવિધિઓ વિરુદ્ધ એક નિવેદન જારી કર્યું છે. આ નિવેદન મુજબ, વેસ્ટ બેંકમાં ઈઝરાયલની હાજરી વધારવાના એકતરફી નિર્ણયો આંતરરાષ્ટ્રીય કાયદાઓનું સંપૂર્ણ ઉલ્લંઘન છે. ભારતે સ્પષ્ટ કર્યું છે કે ૧૯૬૭ પછી કબજે કરેલા પેલેસ્ટાઈની વિસ્તારોની જનસાંખ્યિક સ્થિતિ કે ચરિત્ર બદલવાનો કોઈપણ પ્રયાસ ભારત સ્વીકારશે નહીં. ભારતનું માનવું છે કે આવા પગલાં મધ્ય પૂર્વમાં શાંતિ અને સ્થિરતાના પ્રયાસોને નબળા પાડે છે.આ ઘટનાક્રમ એવા સમયે સામે આવ્યો છે જ્યારે વડાપ્રધાન મોદી આવતા અઠવાડિયે ઈઝરાયલની ઐતિહાસિક મુલાકાતે જવાના છે, જ્યાં તેઓ ઈઝરાયલની સંસદને પણ સંબોધિત કરી શકે છે. ભારત અને ઈઝરાયલ વચ્ચે સંરક્ષણ અને ટેકનોલોજીના ક્ષેત્રમાં ગાઢ સંબંધો હોવા છતાં, ભારતે પોતાની વર્ષો જૂની 'ટુ-સ્ટેટ સોલ્યુશન' (બે રાષ્ટ્રનો ઉકેલ) ની વિદેશ નીતિને વળગી રહીને આ નિર્ણય લીધો છે. આને ભારતની સ્વતંત્ર અને સંતુલિત વિદેશ નીતિના એક ભાગરૂપે જોવામાં આવે છે.બીજી તરફ, ઈઝરાયલના વિદેશ મંત્રી ગિદોન સારાએ સંયુક્ત રાષ્ટ્રની સુરક્ષા પરિષદને 'ઈઝરાયલ વિરોધી ઝૂનૂન' થી ગ્રસ્ત ગણાવી છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ઈઝરાયલનો આ બાઈબલની ભૂમિ પર ઐતિહાસિક અધિકાર છે. તેમ છતાં, સંયુક્ત રાષ્ટ્રના સભ્યોએ ગાઝામાં કાયમી યુદ્ધવિરામ અને વેસ્ટ બેંકમાં ઈઝરાયલના વિસ્તરણવાદને અટકાવવાની અપીલ કરી છે.

# મથુરામાં ભીષણ અકસ્માત: કાર નહેરમાં ખાબકતાં લગ્નમાંથી પાછા આવતાં ચાર મિત્રોના મોત

### મથુરાના મગોરા પોલીસ સ્ટેશન વિસ્તારના નગલા દેવિયા વળાંક પાસે રાત્રે આ ગમખ્વાર અકસ્માત સર્જાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)મથુરા

મથુરામાં એક કાળજું કંપાવનારો અકસ્માત સર્જાયો હતો. લગ્ન પ્રસંગમાં જઈ રહેલા ચાર મિત્રોની કાર બેકાબૂ થઈને નહેરમાં ખાબકતા ચારેય યુવકોના કરુણ મોત નિપજ્યા છે. આ ઘટના બાદ લગ્નવાળા ઘરમાં ખુશીનો માહોલ શોકમાં ફેરવાઈ ગયો છે.મથુરાના મગોરા પોલીસ સ્ટેશન વિસ્તારના નગલા દેવિયા વળાંક પાસે રાત્રે આ ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. મથુરાના મહાવનથી રાજસ્થાનના ડીગમાં એક લગ્ન સમારોહમાં હાજરી આપવા જઈ રહેલા ચાર યુવકોની કાર અચાનક અનિયંત્રિત થઈ ગઈ હતી. કારની ઝડપ એટલી વધારે હતી કે વળાંક પર સંતુલન ગુમાવતા કાર સીધી પાણીની ટાંકી સાથે અથડાઈને ૬ મીટર ઉંડી નહેરમાં જઈ પડી હતી.ઘટનાસ્થળે હાજર લોકોના જણાવ્યા અનુસાર, કાર નહેરમાં ઉંધી પડી હોવાથી અંદર ફસાયેલા યુવકોને બહાર નીકળવાની કોઈ તક મળી ન હતી. રાત્રિના અંધકાર અને નહેરના ઉંડા પાણીને કારણે બચાવ કામગીરીમાં પણ મુશ્કેલી પડી હતી. ગ્રામજનોએ પોલીસના પહોંચતા પહેલા બે યુવકોને બહાર કાઢ્યા હતા, પરંતુ તેમનો જીવ બચી શક્યો ન હતો. બાદમાં ક્રેનની મદદથી કારને બહાર કાઢવામાં આવતા અન્ય બે યુવકોના મૃતદેહ મળી આવ્યા હતા.મૃતકોની ઉંમર ૨૦થી ૨૫ વર્ષની વચ્ચે છે. જેમાં મહાવન વિસ્તારના રાહુલ વર્મા (૨૩), મોહિત (૨૨) અને અમિત (૨૩) નો સમાવેશ થાય છે, જ્યારે ચોથા યુવકની ઓળખ કરવાના પ્રયાસો ચાલુ છે. મૃતકોમાં મોહિત લો નો વિદ્યાર્થી હતો, જ્યારે અમિત પણ અભ્યાસ કરતો હતો. રાહુલ સિલાઈ કામ કરતો હતો અને અકસ્માતગ્રસ્ત કાર તેના મોટાભાઈની હતી. એસપીએ જણાવ્યું હતું કે, પ્રાથમિક તપાસમાં અતિશય ઝડપ અને રસ્તાનો તીખો વળાંક અકસ્માતનું કારણ જણાય છે. પોલીસે ચારેય મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ મોકલી વધુ તપાસ હાથ ધરી છે.

# કેલિફોર્નિયામાં બરફના તોફાન વચ્ચે ભયાનક હિમસ્ખલન: સ્કીઈંગ કરનારા ૯માંથી ૮ના મોત, ૧ હજુ ગુમ

(સંપૂર્ણ સમાચાર સેવા)કેલિફોર્નિયા

અમેરિકાના કેલિફોર્નિયામાં બરફીલા તોફાન અને હિમપ્રપાતે (એવલાન્ચ) ભારે તબાહી મચાવી છે. બુધવારે પોલીસ દ્વારા આપવામાં આવેલી સત્તાવાર માહિતી અનુસાર, તાહો વિસ્તારના કેસલ પીક પર આવેલા ભીષણ હિમપ્રપાત બાદ લાપતા થયેલા નવ સ્કીઅર્સમાંથી આઠના મોત થયા છે. બચાવ ટુકડીઓએ તેમના મૃતદેહ મળી આવ્યા છે. જ્યારે એક વ્યક્તિ હજુ પણ ગુમ હોવાનું જાણવા મળ્યું છે. જેનું સર્ચ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે.

નેવાડા કાઉન્ટીના શેરિફ શાનન મૂને આ દુર્ઘટનાની પુષ્ટિ કરતા જણાવ્યું હતું કે, "બચાવ ટીમો પૂરી મહેનતથી કામ કરી રહી છે, પરંતુ આઠ સભ્યોને ગુમાવવા એ એક મોટી કરૂણાંતિકા છે. અમે હજુ પણ એક લાપતા સભ્યની શોધ કરી રહ્યા છીએ અને તેને શોધવા માટેના તમામ પ્રયાસો ચાલુ છે."કેસલ પીક, કેલિફોર્નિયા ખાતે આ અકસ્માત મંગળવારે વહેલી સવારે થયો હતો. સ્કીઅર્સનો એક સમૂહ જ્યારે પહાડ પર હતો, ત્યારે અચાનક હિમપ્રપાત થતા આખો સમૂહ તેની ઝપટેમાં ચડી ગયો હતો. શરૂઆતમાં છ સ્કીઅર્સને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા હતા. જેમાંથી બેની હાલત ગંભીર હોવાથી તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જોકે, અન્ય નવ લાપતા લોકોમાંથી આઠના જીવ બચાવી શકાયા નથી.વિસ્તારમાં ભારે હિમવર્ષા અને ખરાબ હવામાનને કારણે બચાવ કામગીરીમાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. અધિકારીઓએ સ્થાનિક લોકો અને પ્રવાસીઓને ઊંચા પહાડી વિસ્તારો અને હિમપ્રપાતની શક્યતા ધરાવતા વિસ્તારોથી દૂર રહેવાની કડક ચેતવણી આપી છે.

# વિમાનમાં ઉપદ્રવી મુસાફરો સામે ૩૦ દિવસથી ૨ વર્ષ સુધીના પ્રતિબંધ મૂકાશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

વિમાનમાં ઉપદ્રવી કે બેકાબુ મુસાફરો સામે કાર્યવાહી કરવા માટે નવા આકરા નિયમોની દરખાસ્ત કરાઈ છે. આ સૂચિત નિયમો મુજબ એરલાઈન્સ કંપનીઓ પોતે જ આવા મુસાફરો પર ૩૦ દિવસ સુધીનો તાત્કાલિક ફ્લાઈટ પ્રતિબંધ લાદી શકશે. આ ઉપરાંત ગંભીર પ્રકારના ગુના માટે ૨ વર્ષ અથવા અમર્યાદિત ફ્લાઈટ પ્રતિબંધ પણ સામનો કરવો પડશે. નાગરિક ઉડ્ડયન ક્ષેત્રની નિયમનકારી સંસ્થાએ આ નિયમોનો ડ્રાફ્ટ જારી કરી ૧૬ માર્ચ સુધી સંબંધિત પક્ષકારો પાસેથી અભિપ્રાયો મંગાવ્યા છે. નવા નિયમોના ડ્રાફ્ટમાં ડાયરેક્ટોરેટ જનલ ઓફ સિવિલ એવિયેશન એ જણાવ્યું હતું કે વિમાન, મુસાફરો, સંપત્તિની સુરક્ષા માટે ઝીરો ટોલેરન્સ નીતિ અપનાવવામાં આવી છે. વિમાનમાં વ્યવસ્થા અને શિસ્ત જાળવી રાખવા માટે નિયમનો ભંગ કરતાં મુસાફરો સામે કાર્યવાહી કરાશે. નવા નિયમો મુજબ એરલાઈન્સે બેકાબૂ મુસાફરોનો સામનો કરવા અને અને DGCAને આવી ઘટનાઓની જાણ કરવા માટે એક સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજરબનાવીને તેનો અમલ કરવાનો રહેશે. એરલાઈને રચેલી સ્વતંત્ર સમિતિ આવા મુસાફરો પર પ્રતિબંધ મૂકવા માટે નિર્ણય કરશે. એરલાઈન સ્વતંત્ર સમિતિમાં કેસ મોકલ્યા વગર સંબંધિત મુસાફર પર વધુમાં વધુ ૩૦ દિવસનો ફ્લાઈટ પ્રતિબંધ મૂકી શકશે. વિમાનમાં ધૂમ્રપાન, સ્થાનિક ઉડાન દરમિયાન દારૂનું સેવન અને ઈમરજન્સી એક્ઝિટનો દુરુપયોગ અથવા લાઈફ જેકેટ સહિત જીવનરક્ષક ઉપકરણોનો અનધિકૃત ઉપયોગ સહિત વિવિધ ઉલ્લંઘનો માટે એરલાઈન આવી કાર્યવાહી કરી શકાય છે. સૂચિત નિયમો મુજબ ગુનાના પ્રકારના આધારે બેકાબૂ મુસાફરોને ઉડાન પ્રતિબંધનો સામનો કરવો પડશે.


નવસર્જન સંસ્કૃતિ
ગુજરાતી

JioTV
CHENNAL NO.
3048

TATA PLAY
CHENNAL NO.
2119

Jio Air Fiber
Jio Tv +
Jio Fiber
Daily Hunt
ebaba Tv
Dish Plus
DTH live OTT
Rock TV
Airtel
Amezone Fire
Rocu Tv-US.UK

દેશ-દુનિયાના મહત્વપૂર્ણ સમાચારોની માહિતી મેળવવા માટે આજે જ નવસર્જન સંસ્કૃતિ ગુજરાતી ચેનલ નિહાળો

# તંત્રી લેખ......

## સુપ્રીમ કોર્ટે નફરતભર્યા ભાષણ માટે અરીસો બનાવ્યો

સુપ્રીમ કોર્ટે રાજકારણી અને વકીલ કપિલ સિબ્બલ દ્વારા દાખલ કરાયેલી અરજીની સુનાવણીનો ઈનકાર કરવામાં યોગ્ય હતો, જેમાં આસામ, ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડના મુખ્યમંત્રીઓના નિવેદનોને ટાંકીને નફરતભર્યા ભાષણ સામે કડક માર્ગદર્શિકાની માંગ કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે જોયું કે અરજીમાં ભાજપના મુખ્યમંત્રીઓને નિશાન બનાવવામાં આવ્યા હતા જેથી સાબિત કરી શકાય કે તેઓ જ દ્વેષપૂર્ણ ભાષણ માટે જવાબદાર છે. સ્પષ્ટપણે, અરજીમાં ઈરાદાપૂર્વક અન્ય પક્ષોના નેતાઓના ઝેરી ભાષણોને છોડી દેવામાં આવ્યા હતા. આ અરજી, જે ચોક્કસ પક્ષના નેતાઓને દ્વેષપૂર્ણ ભાષણ માટે અલગ પાડે છે, તે અરજદારના પોતાના પૂર્વગ્રહને દર્શાવે છે. તે જોવાનું બાકી છે કે શું તે સુધારેલી અરજી દાખલ કરે છે અને શું સુપ્રીમ કોર્ટ તેના પર માર્ગદર્શિકા ઘડશે. આ સરળ કાર્ય નથી, કારણ કે દ્વેષપૂર્ણ ભાષણ સામે અસરકારક માર્ગદર્શિકા ફક્ત શું દ્વેષપૂર્ણ છે અને શું નથી તે વ્યાખ્યાયિત કરીને જ સ્થાપિત કરી શકાય છે. આ સંદર્ભમાં, એ વાતને અવગણી શકાય નહીં કે ક્યારેક કઠોર સત્યોની અભિવ્યક્તિને દ્વેષ-ઉત્સાહિત કરનાર તરીકે લેબલ કરવામાં આવે છે, જ્યારે અન્ય સમયે, દ્વેષપૂર્ણ ભાષણને ઘણીવાર અભિવ્યક્તિની સ્વતંત્રતા તરીકે છુપાવવામાં આવે છે. આ બધા વચ્ચે, રાજકારણીઓ દ્વારા દ્વેષપૂર્ણ, વિભાજનકારી અને ભડકાઉ ભાષણોનો ટ્રેન્ડ ચાલુ રહે છે. દ્વેષપૂર્ણ ભાષણો આપનારા નેતાઓ સામે કાર્યવાહીના કિસ્સાઓ ભાગ્યે જ જોવા મળે છે. આનું કારણ એ છે કે જ્યારે કોઈ નેતા આવું ભાષણ આપે છે, ત્યારે તેના પક્ષના સભ્યો ઘણીવાર તેનો બચાવ કરવા આગળ આવે છે. એવું પણ જોવા મળ્યું છે કે રાજ્ય સરકારો ઘણીવાર નફરત ફેલાવનારાઓ સામે કાર્યવાહી કરવામાં પક્ષપાત બતાવે છે. ક્યારેક તેઓ કોઈની સામે કડક કાર્યવાહી કરે છે, જ્યારે ક્યારેક તેઓ ખૂબ જ વાંધાજનક નિવેદનોને પણ અવગણે છે.

આ પ્રકારનો સૌથી ચોંકાવનારો કિસ્સો તમિલનાડુના મંત્રી ઉદયનિધિનો છે, જેમણે સનાતન ધર્મની તુલના ડેન્ગ્યુ અને મેલેરિયા સાથે કરી હતી અને તેને નાબૂદ કરવાની હાકલ કરી હતી. જોકે, રાજ્ય સરકારે તેમની સામે કોઈ કાર્યવાહી કરી ન હતી કારણ કે તેઓ મુખ્યમંત્રી સ્ટાલિનના પુત્ર છે. આ મામલે સુપ્રીમ કોર્ટના નિર્દેશને પણ અવગણવામાં આવ્યો હતો.

આખરે, ન્યાયતંત્રના હસ્તક્ષેપ પછી જ તેમની સામે કેસ દાખલ કરી શકાયો. સમસ્યા ફક્ત એ નથી કે બંધારણીય મૂલ્યો અને શિષ્ટાચારની અવગણનાને કારણે રાજકીય ચર્ચા ઝેરી બની રહી છે, અને આ વાતાવરણ નફરતભર્યા ભાષણ માટેનું સંવર્ધન સ્થળ બની રહ્યું છે. સમસ્યા એ પણ છે કે, નિયમનના અભાવે, ડિજિટલ મીડિયા પર નફરતભરી ટિપ્પણીઓ વ્યાપકપણે ફેલાય છે. આ પણ જાહેર ચર્ચાને ઝેર આપી રહ્યું છે.


# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ ક્રૂડ તેલના વાયદામાં રૂ.૮૬ની તેજીઃ સોનાના વાયદામાં રૂ.૫૭૮ અને ચાંદીના વાયદામાં રૂ.૧૫૩૨નો સુધારો

### કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૭૩૧૫.૧૨ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૦૮૬૨૧.૭૪ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૦૨૦૧.૦૮ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૮૩૯૦ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૧૩૫૯૩૯.૫૧ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૭૩૧૫.૧૨ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૧૦૮૬૨૧.૭૪ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ફેબ્રુઆરી વાયદો ૩૮૩૯૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૨૦૨૬.૨૨ કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૦૨૦૧.૦૮ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૫૧૩૨ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૭૧૮૫ અને નીચામાં રૂ.૧૫૫૧૧૬ના સ્તરને સ્પર્શી, રૂ.૧૫૫૭૬૧ના આગલા બંધ સામે રૂ.૫૭૮ વધી રૂ.૧૫૬૩૩૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ગિની ફેબ્રુઆરી વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૨૧૩ ઘટી રૂ.૧૨૭૧૦૧ થયો હતો. ગોલ્ડ-પેટલ ફેબ્રુઆરી વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૨૧ વધી રૂ.૧૫૯૧૮ના ભાવે બોલાયો હતો. સોનું-મિની માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૩૯ વધી રૂ.૧૫૪૧૩૪ થયો હતો. ગોલ્ડ-ટેન ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૪૦૩૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૬૭૩૦ અને નીચામાં રૂ.૧૫૪૦૩૮ના મથાળે અથડાઈ, રૂ.૧૫૫૪૨૪ના આગલા બંધ સામે રૂ.૩૯૯ વધી રૂ.૧૫૫૮૨૩ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૨૪૨૪૩૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૪૮૫૯૬ અને નીચામાં રૂ.૨૪૨૪૩૯ના મથાળે અથડાઈ, રૂ.૨૪૪૨૬૮ના આગલા બંધ સામે રૂ.૧૫૩૨ વધી રૂ.૨૪૫૮૦૦ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૧૯૦૪ વધી રૂ.૨૪૯૪૫૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.૧૮૬૬ વધી રૂ.૨૪૯૩૬૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૪૩૦૦.૦૭ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું ફેબ્રુઆરી વાયદો રૂ.૧૨.૮૫ ઘટી રૂ.૧૧૬૮.૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જસત ફેબ્રુઆરી વાયદો રૂ.૧.૫ ઘટી રૂ.૩૨૩.૬૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ ફેબ્રુઆરી વાયદો રૂ.૧ ઘટી રૂ.૩૦૭.૨૫ના સ્તરે પહોંચ્યો હતો. સીસું ફેબ્રુઆરી વાયદો ૩૦ પૈસા વધી રૂ.૧૮૭.૯૫ થયો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ. ૨૭૫૯.૦૭ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ફેબ્રુઆરી વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૩૪૭૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૪૭૬ અને નીચામાં રૂ.૩૪૪૦ના સ્તરને સ્પર્શી, રૂ.૧૬ ઘટી રૂ.૩૪૫૦ના સ્તરે પહોંચ્યો હતો.




ક્રૂડ તેલ ફેબ્રુઆરી વાયદો બેરલદીઠ રૂ.૫૯૫૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૬૦૨૧ અને નીચામાં રૂ.૫૯૨૧ના સ્તરને સ્પર્શી, રૂ.૫૯૦૩ના આગલા બંધ સામે રૂ.૮૬ વધી રૂ.૫૯૮૯ થયો હતો. ક્રૂડ તેલ-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૭૭ વધી રૂ.૫૯૮૪ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ ફેબ્રુઆરી વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૯.૬ વધી રૂ.૨૭૮.૫ થયો હતો. નેચરલ ગેસ-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૯.૨ વધી રૂ.૨૭૮.૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૯૬૧.૧ના ભાવે ખૂલી, રૂ.૨.૬ ઘટી રૂ.૯૫૬ના સ્તરે પહોંચ્યો હતો. કોટન ફેબ્રુઆરી વાયદો રૂ.૧૦૦ ઘટી રૂ.૨૫૪૧૦ના સ્તરે પહોંચ્યો હતો. એલચી ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૨૫૬૨ના ભાવે ખૂલી, કોઈ ફેરફાર વગર રૂ.૨૫૭૦ના સ્તરે પહોંચ્યો હતો. કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૧૫૭૬.૭૭ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૮૬૨૪.૩૦ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાના વાયદાઓમાં રૂ. ૩૭૬૬.૮૨ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૩૦.૭૪ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૩૧.૩૫ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૨૬૩.૦૫ કરોડનાં કામકાજ થયાં હતાં. ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૪.૬૩ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૬૫૨.૫૫ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૧૦૧.૮૯ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૫.૨૮ કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદામાં રૂ. ૦.૨૫ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૫૯ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૯૨૩૬ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૬૪૭૨૪ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૩૨૦૧૪ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૪૨૮૮૨૧ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૬૨૦૬૪ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૯૩૧૩ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૧૮૧૯૩ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૬૪૬૬૬ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૬૨૪ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૨૧૫૫૯ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૫૮૯૦ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ફેબ્રુઆરી વાયદો ૩૮૪૩૮ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૮૬૮૩ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૮૩૩૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૩૬૪ પોઈન્ટ વધી ૩૮૩૯૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ માર્ચ રૂ.૬૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૬૫.૨ વધી રૂ.૩૫૦.૭ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ફેબ્રુઆરી રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૧ વધી રૂ.૬.૬૫ના ભાવે બોલાયો હતો.

સોનું ફેબ્રુઆરી રૂ.૧૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૮૭.૫ વધી રૂ.૧૭૧૧ થયો હતો. આ સામે ચાંદી ફેબ્રુઆરી રૂ.૨૮૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૧૦ ઘટી રૂ.૮૧૬ થયો હતો. તાંબું ફેબ્રુઆરી રૂ.૧૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨.૨૩ ઘટી રૂ.૫.૧ના ભાવે બોલાયો હતો. જસત ફેબ્રુઆરી રૂ.૩૪૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૨૫ પૈસા વધી રૂ.૦.૫૮ થયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ માર્ચ રૂ.૬૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૪૨.૨ ઘટી રૂ.૩૩૩.૪ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ ફેબ્રુઆરી રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૫ ઘટી રૂ.૩.૯૫ના ભાવે બોલાયો હતો.

સોનું ફેબ્રુઆરી રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૮ ઘટી રૂ.૧૧૭૩ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી ફેબ્રુઆરી રૂ.૨૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૦૯ ઘટી રૂ.૬૪૩.૫ના ભાવે બોલાયો હતો. તાંબું ફેબ્રુઆરી રૂ.૧૧૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૬૫ વધી રૂ.૨.૯૪ થયો હતો. જસત ફેબ્રુઆરી રૂ.૩૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૬ પૈસા ઘટી રૂ.૧.૪૯ના ભાવે બોલાયો હતો.

## વૃદ્ધોને ટાર્ગેટ કરતી રિક્ષા ગેંગનો પર્દાફાશ, ત્રણ સાગરીતોની ધરપકડ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા રિક્ષામાં મુસાફરી કરતા સિનિયર સિટીઝન્સને નિશાન બનાવી ચોરી કરતી ટોળકીને ઝડપી પાડી છે. જેમાં સરદારનગર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા નિવૃત્ત SRP PI સાથે થયેલી ચોરી સહિત અન્ય ગુનાઓનો ભેદ ઉકેલાયો છે. પોલીસે ત્રણ આરોપીની ધરપકડ કરી છે અને કુલ રૂ.૧૫.૩૮ લાખનો મુદ્દામાલ રિકવર કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. આ ટોળકી ખાસ કરીને સિનિયર સિટીઝન્સને રિક્ષામાં પેસેન્જર તરીકે બેસાડતી હતી. આ દરમિયાન મુસાફરની નજર ચૂકવીને તેમના થેલામાંથી સોનાના દાગીના અને રોકડની ચોરી કરતાં હતા. ઘટનાને અંજામ આપી આરોપી દ્વારા પેસેન્જરને થોડે દૂર ઉતારી દેવાની મોડસ ઓપરેન્ડીથી ચોરી કરવામાં આવતી હતી.

ઝડપાયેલા આરોપીઓ

મોહમદ યુનુસ ઉર્ફે "ચાચા" (ઉં.વ.૪૬, રહે.દાણીલીમડા, અમદાવાદ)

ઈમ્તિયાઝ ઉર્ફે "કુલી" (ઉં.વ.૩૬, રહે.સરસપુર, અમદાવાદ)

સકીલ સલીમભાઈ અંસારી (ઉં.વ.૩૮, રહે.દાણીલીમડા, અમદાવાદ) સમગ્ર મામલે પોલીસે આરોપી પાસે સોનાની મગમાળા (પેન્ડલ સાથે), સોનાનો હાર (કંદોરો), સોનાની ચેઈન અને આશરે ૮ તોલાની ૨ સોનાની વીંટીઓ, રોકડ, ગુનામાં વપરાયેલી ઓટોરિક્ષા અને ૨ મોબાઈલ ફોન મળીને કુલ ૧૫.૩૮ લાખનો મુદ્દામાલ રિકવર કર્યો છે.

ઉકેલાયેલા અન્ય ગુનાઓ

સરદારનગરના ગુના ઉપરાંત, આ ટોળકીએ અન્ય ચાર ચોરીની કબૂલાત કરી છેઃ

વાસણાઃ ૧૫ દિવસ પહેલા એક દંપતીના થેલામાંથી ૨ તોલાનું મંગળસૂત્રની ચોરી.

નરોડા પાટિયાઃ એક મહિના પહેલા એક મહિલાની સોનાની બુટ્ટી અને વીંટીની ચોરી.

નરોડા પાટિયાઃ ૧૭ દિવસ પહેલા એક મહિલાના બેગમાંથી રૂ. ૧ લાખ રોકડાની ચોરી.

જશોદાનગરઃ સવા મહિના પહેલા એક મુસાફરના રૂ. ૫૦ હજાર રોકડાની ચોરી.

ક્રાઈમ બ્રાન્ચની ટીમ પેટ્રોલિંગમાં હતી, ત્યારે ખાનગી બાતમીના આધારે જમાલપુર બ્રિજ નીચેથી આ ટોળકીને ઝડપી લેવામાં આવી છે. હાલમાં ભારતીય ન્યાય સંહિતા(BNS) મુજબ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## અમદાવાદ ખાતે સ્ટેટ લેવલ બેંકર્સ કમિટી ગુજરાતની ૧૮૮મી બેઠક યોજાઈ



બેંક ઓફ બરોડા દ્વારા ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ દેના લક્ષ્મી ભવન, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે ગુજરાત રાજ્ય સ્તરીય બેંકર્સ સમિતિ (SLBC) ની ૧૮૮મી બેઠક યોજવામાં આવી હતી.

આ બેઠકની અધ્યક્ષતા SLBC ગુજરાતના ચેરમેન અને બેંક ઓફ બરોડાના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર શ્રી લલિત ત્યાગી દ્વારા કરવામાં આવી હતી. આ પ્રસંગે ગુજરાત સરકારના GLPCના મેનેજિંગ ડાયરેક્ટર શ્રી અજય પ્રકાશ (IAS); RBI અમદાવાદના રિજીયોનલ ડાયરેક્ટર શ્રી અમરેશ રંજન; નાબાર્ડના જનરલ મેનેજર શ્રીમતી નિધિ શર્મા; ગુજરાત સરકારના નાણા વિભાગના ડાયરેક્ટર (IF) શ્રી અમિત મીના અને SLBC ગુજરાતના કન્વીનર તથા બેંક ઓફ બરોડાના જનરલ મેનેજર શ્રી અશ્વિની કુમાર ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત સરકાર, RBI, નાબાર્ડ, વિવિધ બેંકોના વરિષ્ઠ અધિકારીઓ અને તમામ લીડ ડિસ્ટ્રિક્ટ મેનેજરોએ પણ હાજરી આપી હતી, જેમાં ગુજરાતમાં નાણાકીય સમાવેશન અને આર્થિક વિકાસ પર ચર્ચા કરવામાં આવી હતી.

અધ્યક્ષશ્રીએ રાજ્યના ૯૧ ટકાથી વધુના મજબૂત સીડી (CD) રેશિયો અને સ્થિર ધિરાણ વૃદ્ધિ પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે ટકાઉ આર્થિક પ્રગતિ સુનિશ્ચિત કરવા માટે સંતુલિત પોર્ટફોલિયો વિસ્તરણ, મજબૂત સાયબર જોખમ સંચાલન અને કેન્દ્રીય બજેટના "કર્તવ્ય" સિદ્ધાંતો સાથેના જોડાણ પર ભાર મૂક્યો હતો.

ગુજરાત સરકારના જી.એલ.પી.સી. (GLPC) ના મેનેજિંગ ડિરેક્ટરે મહિલા સંચાલિત આર્થિક પ્રવૃત્તિઓ પર ધ્યાન કેન્દ્રિત કરીને સખી મંડળો (SHG) અને બેંક વચ્ચેના જોડાણને વધુ ઊંડું બનાવવા પર ભાર મૂક્યો હતો. આર.બી.આઈ. (RBI), અમદાવાદના ક્ષેત્રીય નિયામકે રાજ્યના બદલાતા ઔદ્યોગિક માળખાને ધ્યાનમાં રાખીને કૃષિ અને નબળા વર્ગોને અપાતા ધિરાણમાં રહેલી ખામીઓને દૂર કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો, જ્યારે નાબાર્ડ (NABARD) ના જનરલ મેનેજરે કૃષિ સંલગ્ન પ્રવૃત્તિઓના ધિરાણના વિસ્તરણ પર ભાર મૂક્યો હતો.

ગુજરાત સરકારના નાણા વિભાગના નિયામક (IF) એ બાકી રહેલા બેંકિંગ સુવિધા વિનાના ગામડાઓને સમયબદ્ધ રીતે આવરી લેવા, ખેડૂતોને ઔપચારિક ધિરાણની સરળ ઉપલબ્ધતા અને ક્ષેત્ર સ્તરે નાણાકીય સાક્ષરતાના આઉટરીચ કાર્યક્રમોને વધુ તેજ બનાવવા માટે આહવાન કર્યું હતું.

કન્વીનર, SLBC (સ્ટેટ લેવલ બેંકર્સ કમિટી) ગુજરાત દ્વારા રાજ્યભરમાં બેંકિંગ કામગીરીની એજન્ડા મુજબ સમીક્ષા રજૂ કરવામાં આવી હતી. આ મંચ પર ધિરાણ પ્રવાહ (credit flow), નાણાકીય સમાવેશી પહેલો, ડિજિટલ પેમેન્ટ ઈકોસિસ્ટમ અને સેવા વિતરણ પદ્ધતિ જેવા મુખ્ય પરિમાણો પર ચર્ચા કરવામાં આવી હતી. એ બાબતનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે ગુજરાતે ૩૧.૧૨.૨૦૨૫ સુધીમાં વાર્ષિક ધિરાણ યોજના (ACP) હેઠળ કુલ અગ્રતા ક્ષેત્રના ધિરાણ વિતરણના લક્ષ્યાંકનો ૯૪ ટકા હિસ્સો હાંસલ કર્યો છે.

વેરહાઉસિંગ ડેવલપમેન્ટ એન્ડ રેગ્યુલેટરી ઓથોરિટી (WDRA) દ્વારા ઈલેક્ટ્રોનિક નેગોશિયેબલ વેરહાઉસ રિસીપ્ટ્સ (e-NWR) દ્વારા પ્લેજ ફાયનાન્સ (ધિરાણ) પર એક પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં સુરક્ષિત કોલેટરલ-આધારિત ધિરાણ માટેની વિવિધ તકો પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ બેઠક દરમિયાન ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર લીડ ડિસ્ટ્રિક્ટ મેનેજરો (LDMs) નું સન્માન પણ કરવામાં આવ્યું હતું. બેઠકના અંતે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના જનરલ મેનેજર શ્રી અતુલ રાઠી દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

### સરકારી અનાજ સગેવગે કરવાનું ચાલી રહ્યું હતું કૌભાંડ

## અમરેલીના વડિયામાંથી બિન અધિકૃત અનાજ ઝડપાયું

(સંપૂર્ણ સમાચાર સેવા)અમરેલી

અમરેલીના વડિયામાં સરકારી અનાજના બિનઅધિકૃત જથ્થાને ઝડપી લેવાયો છે. મામલતદારની ટીમે ઢૂંઢિયા-પીપળીયા નાકા પાસેથી રિક્ષામાં છુપાવેલ ઘઉં અને ચોખાનો જથ્થો ઝડપી લીધો હતો. મામલતદારની ટીમે રિક્ષામાંથી સરકારી અનાજનો ઘઉં અને ચોખા અને અન્ય સામગ્રી સાથે મળી રૂ. ૮૨,૫૨૭નો મુદ્દામાલ ઝડપી લીધો હતો. આ સરકારી અનાજનો જથ્થો હતો. અનાજને સગેવગે કરવાનું કૌંભાડ ચાલી રહ્યું હતુ જેને સરકારી અધિકારીઓએ ઝડપી પાડ્યું હતુ અને અનાજનો જત્થો સરકારી ગોડાઉનમાં જમા કરાવીને રિક્ષા પોલીસ સ્ટેશનમાં મુકાવડાવી હતી અને તપાસ શરુ કરી હતી. પુરવઠા મામલતદારે કરેલી કાર્યવાહીના કારણે અનાજ માફિયાઓમાં ફફડાટ ફેલાઈ ગયો હતો

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

### માહિતી ખાતાએ તૈયાર કરેલી નવી આવૃત્તિનું કાગધામ મજાદરમાં ૨૧મી ફેબ્રુઆરીએ વિમોચન

## કવિ કાગનાં જીવનદર્શન પર આધારિત પુસ્તક 'વાણી તો અમરત વદાં'નું ૨૩ વર્ષ બાદ પુનઃવિમોચન

પ્રખ્યાત લોકસાહિત્યકાર પદ્મશ્રી કવિ દુલા ભાયા કાગનાં જીવનદર્શન પર આધારિત પુસ્તક 'વાણી તો અમરત વદાં'નું ૨૩ વર્ષ બાદ પુનઃવિમોચન થશે. રાજ્યનાં માહિતી ખાતાએ તૈયાર કરેલી નવી આવૃત્તિનું કવિ કાગની ૪૯મી પુણ્યતિથિ નિમિત્તે અમરેલી જિલ્લામાં આવેલા કાગધામ મજાદરમાં વિમોચન કરવામાં આવશે.

ગુજરાતી લોકસાહિત્યમાં શિરમોર કવિ કાગની પુણ્યતિથિ નિમિત્તે દર વર્ષે તેમના વતન મજાદર(કાગધામ) ખાતે કવિ કાગના જીવનદર્શન ઉપરાંત કાગવાણીના ભક્તિ, શૌર્ય તથા બીજા અનેક વૈવિધ્યસભર અમર કાવ્યોને યાદ કરી કવિકાગને શ્રધ્ધાસુમન અર્પણ કરવાના કાર્યક્રમનુ આયોજન કરવામાં આવે છે. આગામી તારીખ ૨૧ ફેબ્રુઆરીના રોજ કવિ કાગની ૪૯મી પુણ્યતિથિ નિમિત્તે યોજાનારા કાર્યક્રમ 'કાગના ફળિયે કાગની વાતું' કાર્યક્રમમાં આ નવસંસ્કરિત પુસ્તકનું વિમોચન કરવામાં આવશે. કવિ કાગની જન્મ શતાબ્દી નિમિત્તે માહિતી ખાતા દ્વારા 'વાણી તો અમરત વદાં' ગ્રંથનુ પ્રકાશન વર્ષ ૨૦૦૩માં કરવામાં આવ્યું હતું. હાલ આ ગ્રંથ અપ્રાપ્ય હોવાથી ગ્રંથના સંપાદક અંબાદાન રોહડિયાના પ્રયત્નોથી આ ગ્રંથનું નવું સંસ્કરણ તૈયાર કરવામાં આવ્યું છે. આગામી તારીખ ૨૧મી ફેબ્રુઆરીના રોજ મજાદર ખાતે યોજનારા કાર્યક્રમમાં કાગબાપુના કાવ્યોની સંગીતમય પ્રસ્તુતિ સાથે વિવિધ લેખકો, સાહિત્યકારો અને લોકકલાકારોને મળી ૨૫ જેટલા સર્જકોને લોકસાહિત્ય એવોર્ડ આપવામાં આવશે. પ્રખર રામાયણી શ્રી મોરારીબાપુના હસ્તે આ એવોર્ડનુ વિતરણ કરવામાં આવશે.

આ નવસંસ્કરિત પુસ્તકમાં જૂના લેખોની સાથે નવા કેટલાક લેખોનો પણ ઉમેરો કરવામાં આવ્યો છે. આ ગ્રંથમાં કવિ કાગના સમગ્ર કર્તૃત્વ અને જીવનદર્શનને પાંચ ખંડોમાં સમાવિષ્ટ કરાયા છે. જેમાં વ્યક્તિત્વ અને વાઙ્મય સંસ્કૃતિ અને સમાજ, પ્રાચીન અને અર્વાચીનનો સમન્વય, કાગવાણી વિશેષ પરિપ્રેક્ષ્યમાં અને કાગવાણીના બહુવિધ પરિમાણોનો સમાવેશ થાય છે. આ ગ્રંથને અદ્યતન ટેકનોલોજી સાથે સજ્જ કરીને વધુ લોકસ્વીકૃત બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. ગ્રંથમાં મુકાયેલ ઊઈ કોડ મોબાઈલની મદદથી સ્કેન કરવાથી કાગબાપુના કંઠે રજૂ થયેલ લોકરામાયણ, મહાભારત અને અન્ય કૃતિઓ આકાશવાણીના પ્રસંગો સાંભળી શકાશે. કવિ કાગની કહેણીની શૈલી અને કંઠની ઋજુતાને જન જન સુધી પંહોચાડવાનો આ આવકારદાયક પ્રયાસ છે. કવિ શ્રી કાગ વિષયક સ્વાધ્યાય લેખોને સમાવતો આ દળદાર ગ્રંથ વાચકો, સાહિત્યકારો અને લોક કલાકારોને કવિ કાગ અને તેમણે સર્જેલા સાહિત્યનો વિશેષ પરિચય આપશે અને અત્યંત ઉપયોગી બની રહેશે.

### ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - ગુરૂવાર, ૧૯/૦૨/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | ૧૨૦ | ૫૦૦.૦૦ | ૫૫૦.૦૦ |
| ૨ | મગફળી | ૧૫૫ | ૧,૨૯૦.૦૦ | ૧,૫૭૦.૦૦ |
| ૩ | એરંડા | ૧૨ | ૧,૨૬૪.૦૦ | ૧,૨૭૧.૦૦ |
| ૪ | રાયડો | ૨૫ | ૧,૦૫૦.૦૦ | ૧,૧૨૫.૦૦ |
| ૫ | બાજરી | ૦ | ૩૬૦.૦૦ | ૪૦૦.૦૦ |
| ૬ | મકાઇ | ૦ | ૨૫૦.૦૦ | ૩૧૦.૦૦ |
| ૭ | વરીયાળી | ૦ | ૧,૦૦૦.૦૦ | ૧,૪૦૦.૦૦ |
| ૮ | જીરૂ | ૦ | ૨,૦૦૦.૦૦ | ૩,૦૦૦.૦૦ |
| ૯ | કપાસ | ૧૫૭ | ૧,૧૦૦.૦૦ | ૧,૬૦૨.૦૦ |
| ૧૦ | સોયાબીન | ૪૮ | ૮૦૦.૦૦ | ૧,૦૦૯.૦૦ |

મુનિમજી સોફ્ટવેર

નવસર્જન સંસ્કૃતિ
નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

# AMC દ્વારા ૨૧ થી ૨૩ ફેબ્રુઆરી દરમિયાન શહેરની મોબિલિટી વિષય પર એક્ઝિબિશન 'AmdavadNXT' યોજાશે




૨૦૩૦ કોમનવેલ્થ ગેમ્સની તૈયારી વચ્ચે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) શહેરની પરિવહન વ્યવસ્થાને કેન્દ્રમાં રાખી અનોખું જાહેર એક્ઝિબિશન **'AmdavadNXT'** યોજવા જઈ રહ્યું છે. આ કાર્યક્રમ ૨૧ થી ૨૩ ફેબ્રુઆરી ત્રણ દિવસીય દરમિયાન રિવરફ્રન્ટ હાઉસ ખાતે સવારે ૧૦.૦૦ કલાકે યોજાશે. આ એક્ઝિબિશન તમામ નાગરિકો માટે ખુલ્લું રહેશે. આ પહેલનો મુખ્ય હેતુ શહેરમાં જાહેર પરિવહનને મજબૂત બનાવી સર્વસમાવેશક, જલવાયુ-સહનક્ષમ અને લોકો-કેન્દ્રિત મોબિલિટી અંગે શહેરવ્યાપી ચર્ચા શરૂ કરવાનો છે.

**SHIFT Transport coalition** હેઠળ **AMC** દ્વારા **WRI India, TUL Foundation, UrbanVoices, aProCh, MYBYK** તથા અન્ય સંસ્થાઓની ભાગીદારીમાં આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ૫૦થી વધુ સંસ્થાઓ, ૩૫ શાળાઓ અને ૧૮ યુનિવર્સિટીઓના સહયોગ સાથે યોજાનાર આ અનોખું મંચ નીતિ નિર્માતાઓ, શહેરી આયોજનકારો, શૈક્ષણિક સંસ્થાઓ, સ્ટાર્ટઅપ્સ, સિવિલ સોસાયટી જૂથો અને નાગરિકોને એકત્ર કરી અમદાવાદના પરિવહન પ્રવાસ પર ચર્ચા અને ભાવિ દિશા નક્કી કરવાની તક આપશે.

આ પ્રદર્શન દરમિયાન શહેરની મોબિલિટી વિકાસયાત્રા — **AMTS** થી **BRTS** અને મેટ્રો સુધી — ઈન્ટરેક્ટિવ મેપ, ઈન્ફોગ્રાફિક્સ, મલ્ટીમીડિયા ઈન્સ્ટોલેશન અને પેનલ ડિસ્કશન દ્વારા રજૂ કરવામાં આવશે. મુલાકાતીઓ ગુજરાતના અન્ય શહેરોની શ્રેષ્ઠ પહેલોને પણ જાણી શકશે, નાગરિક અને શહેરી ઉકેલ પર કામ કરતા સ્ટાર્ટઅપ્સ સાથે સંવાદ કરી શકશે તથા યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ **'walled city of ahmedabad'**નું લાઈફ સાઈઝ મોડેલ નિહાળી શકશે. આ એક્ઝિબિશનમાં નવસારી, ગાંધીનગર અને મહેસાણા મ્યુનિસિપલ કોર્પોરેશન પણ પોતાની નવીન પહેલો રજૂ કરશે.

આ અંગે વાત કરતા મ્યુનિસિપલ કમિશનર શ્રી બંછાનિધિ પાની, **IAS**એ જણાવ્યું હતું કે, અમદાવાદ આર્થિક અને સાંસ્કૃતિક હબ તરીકે વૈશ્વિક મહત્વ પ્રાપ્ત કરી રહ્યું છે,ત્યારે તેની મોબિલિટી વ્યવસ્થા પણ સમકક્ષ રીતે વિકસિત થવી આવશ્યક છે. તેમણે કહ્યું કે, **"AmdavadNXT** એ સંસ્થાઓ, નિષ્ણાતો અને નાગરિકોને એકત્ર કરી સુરક્ષિત, સર્વસમાવેશક અને ટકાઉ જાહેર પરિવહન વ્યવસ્થાની કલ્પના માટે મહત્વપૂર્ણ પહેલ છે. એકીકરણ, ઉપલબ્ધતા અને જાહેર ભાગીદારીને મજબૂત બનાવી અમે જાહેર પરિવહનને અમદાવાદના શહેરી ભવિષ્યનો આધારસ્તંભ બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છીએ.'' તેમણે શૈક્ષણિક સંસ્થાઓને વિદ્યાર્થીઓને ભાગ લેવા તેમજ પ્રોત્સાહિત કરવા પણ આમંત્રણ આપ્યું છે.

પ્રદર્શન ઉપરાંત ત્રણ દિવસ દરમિયાન થયેલી ચર્ચાઓ અને નાગરિકોના પ્રતિસાદના આધારે **'Making Amdavad Ready for 2030'** શીર્ષક વ્હાઈટ પેપર તૈયાર કરવામાં આવશે. તેમાં શહેરના પરિવહન નેટવર્કમાં ઈન્ટિગ્રેશન, સેફ્ટી, એક્સેસિબિલિટી તેમજ ક્લાઈમેટ પ્રતિસાદ ક્ષમતાને મજબૂત બનાવવા માટે મુખ્ય ભલામણો, પ્રાથમિક હસ્તક્ષેપો અને અમલ યોગ્ય માર્ગદર્શિકા રજૂ થવાની અપેક્ષા છે, જે અમદાવાદને વૈશ્વિક ઈવેન્ટ્સ અને લાંબા ગાળાના શહેરી વિકાસ માટે તૈયાર બનાવશે. **CEPT** યુનિવર્સિટીના સહયોગથી યોજાનાર આ કાર્યક્રમ રિવરફ્રન્ટ હાઉસના ગ્રાઉન્ડ ફ્લોર ખાતે દરરોજ સવારે ૧૦ વાગ્યાથી શરૂ થશે અને તમામ નાગરિકો માટે ખુલ્લો રહેશે.

# શિક્ષણના કરાર આધારીત કર્મચારીઓના પગારમાં વધારોઃ પગાર માં તોતીંગ વધારો અને કાયમી થવાની આશા જાગી

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત સરકારે રાજયના વિવિધ વિભાગોમાં કાર્યરત કરાર આધારિત અને ફીક્સ પે કર્મચારીઓ માટે એક મહત્વપૂર્ણ જાહેરાત કરી છે. પગાર વધારાથી લઈને તબીબી રજા અને ભવિષ્યમાં કાયમી થવાની સંભાવનાઓ સુધીના આ નિર્ણયોથી લાખો પરીવારોને મોટી રાહત મળવાની અપેક્ષા છે.




રાજયના શિક્ષણ વિભાગે અનુદાનીત કોલેજોમાં કાર્યરત આશરે ૧ હજાર અધ્યાપક સહાયકોના માસિક પગારમાં ૧૨ હજાર રૂપીયાનો વધારો જાહેર કર્યો છે. આ વધારા સાથે તેમનો પગાર ૪૦૧૭૬ રૂપીયા થી વધીને પર હજાર રૂપીયા થયો છે. તેવી જ રીતે સરકારી મેડીકલ કોલેજોમાં કરાર પર કામ કરતા તબીબી શિક્ષકોના પગારમાં ૩૦ ટકાથી ૫૫ ટકા સુધીનો વધારો કરવામાં આવ્યો છે. આ નિર્ણય હેઠળ હવે પ્રોફેસરોને ૨.૫૦ લાખ રૂપીયા, એસોસીએટ પ્રોફેસરોને ૨.૨૦ લાખ રૂપીયા અને ટયુટર્સને ૧.૦૫ લાખ રૂપીયા સુધીનો માસિક પગાર મળશે. સરકારી હોસ્પીટલોમાં નિષ્ણાંતોની અછત દુર કરવા માટે આ વધારો ૯ ઓક્ટોબર ૨૦૨૪ થી અમલી ગણવામાં આવ્યો છે. કરાર આધારીત સહાયક પ્રોફેસરો માટે કાયદાકીય વિજય મેળવતા સુપ્રિમ કોર્ટે સમાન કામ માટે સમાન વેતનના સિધ્ધાંતને યથાવત રાખ્યો છે.

અદાલતે આદેશ આપ્યો છે કે ગુજરાતમાં કરાર પર કામ કરતા સહાયક પ્રોફેસરોને નિયમિત પ્રોફેસરોના લઘુત્તમ પગાર જેટલુ જ વેતન મળવુ જોઈએ. કોર્ટે એ બાબતે ગંભીર ચિંતા વ્યકત કરી હતી કે જયાં નિયમિત પ્રોફેસરો અંદાજે ૧.૩૬ લાખ રૂપીયા મેળવતા હતા ત્યાં કરાર આધારીત શિક્ષકો માત્ર ૩૦ હજાર રૂપીયામાં કામ કરી રહયા હતા.

ગુજરાત સરકારે અનુદાનિત શૈક્ષણિક સંસ્થાઓના ફીક્સ પે કર્મચારીઓને નિયમિત કર્મચારીઓની જેમ તબીબી અને વિશેષ રજાઓ આપવાનો નિર્ણય લીધો છે. હવે આ કર્મચારીઓ ગંભીર બીમારીની સ્થિતિમાં વર્ષમાં ૧૦ પુરા પગારની રજાઓ અથવા ૨૦ અડધા પગારની રજાઓ મેળવી શકશે. આ ઉપરાંત જો કોઈ કરાર આધારીત કર્મચારીની (વર્ગ ૩ અને ૪) ચાલુ સેવા દરમિયાન મૃત્યુ થાય તો તેમના આશ્રિતોને ૧૪ લાખ રૂપીયાની નાણાંકીય સહાય આપવામાં આવશે.

સરકારે એ પણ સ્પષ્ટ કહ્યુ છે કે સમગ્ર શિક્ષા હેઠળ કામ કરતા કરાર આધારિત કર્મચારીઓના પગારમાં દર વરસે ૫ ટકાનો વધારો કરવામાં આવશે. આ નિયમ ૧ જાન્યુઆરી ૨૦૨૬ થી અમલી બનશે અને તે તમામ કર્મચારીઓ પર લાગુ થશે. જેમણે ૧ વર્ષની સેવા પૂર્ણ કરી છે.

### ગરવી ગુજરાતની વરવી વાસ્તવિકતા ઉજાગર કરતા AAP ધારાસભ્ય ચૈતર વસાવા

# ભણશે ગુજરાતના ઢોલ પીટતા ભાજપના રાજમાં નર્મદા જિલ્લામાં ૫૪૯ શિક્ષકો અને દાહોદ જિલ્લામાં ૧૨૮૪ શિક્ષકોની ઘટનો સરકારે ગૃહમાં સ્વીકાર કર્યો : ચૈતર વસાવા

### નર્મદા જિલ્લામાં એક શિક્ષકથી ચાલતી શાળાઓની સંખ્યા ૧૪૫ હોવાની શિક્ષણ મંત્રીએ ગૃહમાં જવાબ આપ્યો : ચૈતર વસાવા

અમદાવાદ/ગરુડ/

આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ આજે વિધાનસભામાં પત્રકાર પરિષદ યોજી જણાવ્યું હતું કે, આજે મેં શિક્ષણ મંત્રીને કેટલાક ગંભીર સવાલો કર્યા હતા અને સરકાર તરફથી તેમના જવાબો મળ્યા હતા. નર્મદા અને દાહોદ જિલ્લો દેશના અતિ પછાત જિલ્લાઓમાંના એક જિલ્લામાંથી છે. આ જિલ્લાઓમાં શિક્ષણનું સ્તર ખરાબ હોવાથી આ જિલ્લાઓ પછાત રહી ગયા છે. તો મેં શિક્ષકો મુદ્દે સવાલ કર્યો હતો અને તેના જવાબમાં સરકાર તરફથી જોવા મળ્યો હતો કે નર્મદામાં ૫૪૯ શિક્ષકોની ઘટ છે અને દાહોદમાં ૧૨૮૪ શિક્ષકોની ઘટ છે. ત્યારબાદ પેટા પ્રશ્નમાં અમે પૂછ્યું કે કેટલી શાળાઓ એક શિક્ષકથી ચાલે છે તો જવાબ મળ્યો કે નર્મદા જિલ્લામાં ૧૪૫ શાળાઓ એક શિક્ષકથી ચાલે છે. વિચાર કરો કે એક શાળામાં ૧-૫ ધોરણ હોય કે ૧-૮ ધોરણ હોય તો એ એક શિક્ષક કઈ રીતે બધાને ભણાવશે? અને એ શિક્ષક તો સરકારી મીટીંગોમાં જશે કે SIRની કામગીરી કરવા જશે તો એવા સમયે બાળકોને કોણ ભણાવશે? ગરવી ગુજરાતની આ વરવી વાસ્તવિકતા છે કે નર્મદા હોય, દાહોદ હોય, છોટાઉદેપુર હોય, પંચમહાલ હોય ભરૂચ હોય કે ડાંગ હોય આ દરેક જગ્યાએ આદિવાસી વિસ્તારોમાં શિક્ષકોની ઘટ છે અને સરકારે આજે આ સ્વીકાર્યું. એની વૈકલ્પિક વ્યવસ્થાઓ મુદ્દે સરકાર જણાવે છે કે હજુ એ કામ વિચાર હેઠળ છે. આના પરથી દેખાઈ રહ્યું છે કે સરકારમાં ગંભીરતા નથી. વધુમાં ધારાસભ્ય ચૈતર વસાવાએ જણાવ્યું હતું કે, શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે ઓરડાઓ પણ નથી ઘણા બાળકો ભાડાના મકાનમાં ભણે છે, ઝાડ નીચે બેસીને ભણે છે, ઓટલા પર બેસીને ભણે છે અને ઘણી શાળાઓમાં એક ક્લાસમાં ચાર-ચાર ધોરણના બાળકો બેસીને ભણતા હોય છે. દર વર્ષે બજેટોમાં હજારો કરોડોની જોગવાઈ કરવામાં આવે છે તો પછી આદિવાસી વિસ્તારોમાં શાળાઓના ઓરડાઓ કેમ બનાવવામાં આવતા નથી? આદિવાસી વિસ્તારોમાં શિક્ષકોની ભરતી કેમ કરવામાં આવતી નથી? આજે મંત્રીએ જણાવ્યું કે જ્ઞાન સહાયકો દ્વારા ભરતી કરીશું, હકીકત એ છે કે જ્ઞાન સહાયકએ ૧૧ માસના શિક્ષકની ભરતીની યોજના છે. જો શિક્ષક પોતે કરાર પર હશે અને કાયમી નહીં હોય અને એ શિક્ષકને પોતાના કેરિયરની ચિંતા હશે તો પછી એ બાળકોને સારી રીતે કઈ રીતે પણ આવશે? આ સવાલ અમે ગુજરાતની સરકારને પૂછીએ છીએ. ૩૦ વર્ષની ભાજપની સરકાર આદિવાસી વિસ્તારોમાં સરકારી શાળાઓના ઓરડા પૂરા પાડવામાં અને શિક્ષકો પૂરા પાડવામાં સરકાર સદંતર નિષ્ફળ ગઈ છે માટે હવે જનતાએ જાગવું પડશે અને સરકાર પાસે જવાબ માંગવો પડશે.

# ગુજરાત સરકારના બજેટ બાદ AAP ધારાસભ્ય હેમંત ખવાનો અનોખો વિરોધ





અમદાવાદ/દેવભૂમિ દ્વારકા/

ગઈકાલે ગુજરાત વિધાનસભાનું બજેટ રજૂ થયું હતું, ત્યારે ખેડૂતોને બજેટમાં ખાસ કોઈ રાહત પેકેજની જાહેરાત ના થતા અને અન્યાયની લાગણી અનુભવતા આમ આદમી પાર્ટીના જામજોધપુરના ધારાસભ્ય હેમંત ખવા આજે ટ્રેક્ટર લઈને વિરોધ દર્શાવવા વિધાનસભા પહોંચ્યા હતા. ગતરોજ સરકારે જે બજેટ રજૂ કર્યું તેમાં ગામડા અને શહેરના બજેટમાં મોટો તફાવત છે તથા બજેટમાં ખેડૂતો માટે કોઈ ખાસ જોગવાઈ કરી નથી, તે મુદ્દાને લઈને ધારાસભ્ય હેમંત ખવા ટ્રેક્ટર લઈ વિધાનસભા પહોંચ્યા હતા અને અનોખી રીતે સરકાર સમક્ષ પોતાનો વિરોધ દર્શાવ્યો હતો. જોકે પોલીસ વિભાગ દ્વારા તેમને ગેટ પર જ અટકાવી દેવામાં આવ્યા હતા અને ટ્રેક્ટર લઈને અંદર ન જવા દેવામાં આવ્યા અને તેને લઈને ધારાસભ્ય હેમંત ખવાએ એ પણ કહ્યું કે "હું ખેડૂત પુત્ર છું, આતંકવાદી નથી અને આ ટ્રેક્ટર છે, ટેંક નથી.''

ત્યારબાદ ધારાસભ્ય હેમંત ખવા ચાલીને વિધાનસભા ગૃહ સુધી પહોંચ્યા હતા અને મીડિયાને સંબોધિત કરીને કહ્યું હતું કે ગઈકાલે સરકારે જે બજેટ રજૂ કર્યું એ બજેટમાં ગામડાઓ અને ખેડૂતોને ખૂબ જ અન્યાય કરવામાં આવ્યો છે. શહેરો માટે રૂા.૩૩,૦૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે, જ્યારે ગામડાઓ માટે ફક્ત રૂા.૧૪,૦૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. ગઈકાલે મંત્રીએ ગૃહમાં જ જણાવ્યું કે "શહેરોમાં ૪૮% વસ્તી વસે છે અને ગામડાઓમાં ૫૨%'' તો આના પરથી જ સ્પષ્ટ થાય છે કે ૪૮% લોકોને રૂા.૩૩,૦૦૦ કરોડ અને ૫૨% લોકોને ફક્ત રૂા.૧૪,૦૦૦ કરોડની ફાળવણી કરીને સરકારે અન્યાય કર્યો છે. તો આ બાબતનો વિરોધ કરવા માટે હું ટ્રેક્ટર લઈને વિધાનસભા પહોંચ્યા હતા પરંતુ અમારા ટ્રેક્ટરને વિધાનસભાના ગેટ પર જ રોકી દેવામાં આવ્યું, ત્યારબાદ અમે પગપાળા કરીને વિધાનસભા સુધી પહોંચ્યા.

વધુમાં ધારાસભ્ય હેમંત ખવાએ જણાવ્યું હતું કે, આદરણીય કેશુબાપાના નિધન પછી પહેલી વખત કોઈ ગામડાની યોજના જાહેર થઈ પરંતુ આપણી કમનસીબી છે કે મુખ્યમંત્રી નિર્મળ ગ્રામ યોજના હેઠળ ૧૮,૦૦૦ ગામડાઓને ફક્ત રૂા.૬૫૦ કરોડ ફાળવવામાં આવે છે જે ખૂબ જ ઓછા છે. અગાઉ પણ મારા દ્વારા મહાત્મા ગાંધી ગ્રામીણ વિકાસ વર્ષ તરીકે ઉજવવામાં આવે અને ગામડાઓને પ્રાથમિક સુવિધા મળે એવી મારા દ્વારા મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. શહેરોનો વિકાસ થાય તેનાથી અમને વાંધો નથી પરંતુ ગામડા અને ખેડૂતના ભોગે શહેરોને વધુ બજેટ ફાળવવામાં આવે, એ અન્યાય છે માટે અમે આ મુદ્દે વિધાનસભામાં પણ રજૂઆત કરીશું.

વધુમાં ધારાસભ્ય હેમંત ખવાએ જણાવ્યું હતું કે, આ બજેટમાં ખેડૂતોને ખાસ અન્યાય થયો છે. ૪ લાખ કરોડના બજેટમાંથી એગ્રો પ્રોસેસિંગ યુનિટની સ્થાપના માટે ફક્ત રૂા.૧૬ કરોડની ફાળવણી કરવામાં આવી છે. એવી જ રીતે ટેક્સટાઈલ ઉદ્યોગને રૂા.૨૭૫૫ કરોડની ફાળવણી કરવામાં આવી છે. નવા ચેકડેમ બનાવવા માટે ફક્ત રૂા.૮૯૬ કરોડ ફાળવવાની વાત કરી એની સામે અમદાવાદ અને સુરતમાં મેટ્રો રેલ ચલાવી શકાય તેના માટે રૂા.૨૨૦૦ કરોડની જાહેરાત કરવામાં આવી. જેટલી જરૂરિયાત મેટ્રો રેલની છે એના કરતાં અનેક ગણી વધુ જરૂરિયાત લાખો ખેડૂતોને છે, તો ચેકડેમ માટે જે રકમની ફાળવણી કરવામાં આવી છે તે ખૂબ જ ઓછી છે.

સૌરાષ્ટ્ર ૫૪ માંથી ૫૦ સીટો પર ભાજપના ધારાસભ્યો છે અને ૮ મંત્રીઓ છે ત્યારે સૌની યોજનાને ફક્ત રૂા.૪૭૩ કરોડની જોગવાઈ કરવામાં આવી. સૌરાષ્ટ્રમાં ૧૧ જિલ્લા આવે છે અને ૧૧ જિલ્લા માટે ફક્ત રૂા.૪૭૩ કરોડની ફાળવણી કરવામાં આવી જ્યારે ફક્ત એક અમદાવાદ જિલ્લામાં સિંચાઈ માટે રૂા.૬૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી. તો આ રીતે સૌરાષ્ટ્રને ખેડૂતોને અને ગામડાઓને ખૂબ જ ન્યાય કરવામાં આવ્યો છે અને આ મુદ્દે મેં વિધાનસભામાં પણ અને રસ્તા પર કાર્યક્રમ યોજી સરકારનું ધ્યાન દોરીશું અને કોશિશ કરીશું કે સરકાર આમાં કોઈ સુધારો લઈ આવે અને ખેડૂતોને, ગામડાને અને સૌરાષ્ટ્રને ન્યાય આપે.

# સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ટોલનાકા નજીક વિદેશી દારૂની હેરાફેરી કરતી અર્ટીકા ગાડી પકડાઈ : વિદેશી દારૂ સહિત કુલ રૂ.૬ લાખ થી વધુનો મુદ્દામાલ પકડાયો

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ




સાબરકાંઠા જિલ્લાના અમદાવાદ પ્રાંતિજ હાઈવેના કતપુર પાટીયા નજીક જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચે મળેલી બાતમી આધારે અર્ટીકા કાર માંથી વિદેશી દારૂ સહિત કુલ રૂપીયા ૬,૧૦,૬૦૦ નો મુદ્દામાલ ઝડપી લઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે. ગઈ કાલે સાબરકાંઠા જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચ પ્રાંતિજ નજીકના કતપુર પાસે મળેલી બાતમીના આધારે વોચ ગોઠવી ઉભી હતી તે દરમિયાન મળેલ બાતમીના આધારે પ્રાંતિજ ટોલનાકા નજીક કતપુર ગામ જવાના નાકા પાસે વોચ નાકા બંધીમાં ઉભી રહેલા દરમિયાન મળેલી બાતમી મુજબ હિંમતનગર તરફથી પ્રાંતિજ ટોલનાકા તરફ જતી એક અર્ટીકા કાર સફેદ કલરની જીજે ૧૮ બીએમ ૬૭૭૨ આવતા તેને રોકી ગાડીના ચાલકે ગાડી ધીમી કરી થોડેક દુર જઈ તેમાં બેસેલ ચાલક તથા બાજુમાં બેસેલ અન્ય ઈસમ ભાગવા જતા પોલીસની ટીમે તેનો પીછો કરી ગાડીના ચાલકને ઝડપી લીધેલ તેમજ અન્ય ઈસમ ભાગી ગયેલ જેમાં પકડાયેલ ઈસમની તલાસી લેતા અને કારની ચેકીંગ કરતા કારમાંથી ભારતીય બનાવટની વિદેશી બીયરની પેટીઓ ભરેલ હોય વિદેશી બીયર વહન કરવા અંગેનુ પોલીસે પરમીટ માંગતા જે તેની પાસે મળી આવેલ નહી, જેથી પોલીસે વિદેશી બીયરની ટીંન નંગ ૪૮૦ કિંમત રૂપીયા ૧,૦૫,૬૦૦, મોબાઈલ નંગ ૧ કિંમત રૂપીયા ૫ હજાર, અર્ટીકા કાર કિંમત રૂપીયા ૫ લાખ મળી કુલ રૂપીયા ૬,૧૦,૬૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આ પોલીસે કરેલ કામગીરીમાં પીઆઈ ડીસી સાકરીયા , પીએસઆઈ આર જે જાડેજા , એએસઆઈ દેવુસિંહ અમરસિંહ, એએસઆઈ મહેન્દ્રસિંહ ભૈરવસિંહ, સહિતની ટીમે ગાડીને ઝડપી લઈ બે આરોપીઓની ધરપકડ કરી છે. જેમાં (૧) હરેશ જે કારનુ પાયલોટીંગ કરનાર ગાડીનો ચાલક (૨) બીયરનો જથ્થો ભરી આપનાર અનીલભાઈ દાદુભાઈ બરંડા રહે. અનેલા થાના, પહાડા, તાલુકો નયાગાંવ જિ.ઉદેપુર રાજસ્થાનનાઓને ઝડપી લીધો છે. જયારે ફરાર થયેલ કાલુરામ આદિવાસી રહે. ખેરવાડાઓને ઝડપી લેવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે.

# સરકારી કર્મચારીઓમાં દલાલોનુ જડબેસલાક નેટવર્ક કેવી રીતે ચાલે છે ?

પ્રતિનિધિ,ગાંધીનગર

થોડા સમય અગાઉ ગુજરાતના નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલે કહ્યુ હતુ કે ભાજપના નેતા કે કાર્યકર હોવાનો દાવો કરતા કેટલાક લોકો અધિકારીઓ સાથે સંબંધો બાંધી ગેરકાયદેસર દલાલી કરી રહયા છે. આ નિવેદને ભાજપમાં ખળભળાટ મચાવી દીધો હતો. નીતિન પટેલે કહયુ હતુ કે આવા લોકો પક્ષનુ નામ વટાવીને અધિકારીઓ સાથે ઓળખાણ બનાવે છે. આ દલાલોનુ નેટવર્ક પક્ષના કાર્યકર હોવાનો ઢોંગ કરી ગેરકાયદેસર કામો કરાવે છે.

હાલમાં સુરતમાં ચિરાગ ગોટીનુ પ્રકરણ ગાજી રહયુ છે. તેની ઉપર આરોપ છે કે તે પોલીસ અધિકારીઓ, જીએસટીના અધિકારીઓ સહિત બીજા સરકારી અધિકારીઓ સાથે ઘરોબો રાખીને તેમના વિડીયો ઉતારીને બ્લેક મેઈલ કરતો આવ્યો છે. હાલ તે સળીયા પાછળ છે. તેના નેતાઓ સાથેના ફોટા સોશીયલ મીડીયા પર વાયરલ થઈ રહયા છે. નીતિનભાઈનુ સ્ફોટક નિવેદન અને ચિરાગ ગોટી પ્રકરણ પરથી એક વાત ચોકકસ સાબિત થાય છે કે સરકારી કચેરીઓમાં દલાલોનુ વ્યવસ્થિત નેટવર્ક ચાલી રહયુ છે. આ નેટવર્ક કેવી રીતે ચાલે છે અને અધિકારીઓ પણ તેમાં કઈ રીતે સંડોવાઈ જાય છે તે અંગે વિગતો જાણવાનો પ્રયાસ કર્યો તો ખબર પડી કે આ દલાલ જેવા લોકો પહેલા તો સત્તામાં હોય તો રાજકીય પક્ષના મોટા નેતાઓ સાથે કોઈને કોઈ રીતે પોતાના ફોટા પડાવે છે. ઘણીવાર નેતાઓની નજીક પણ હોઈ શકે છે. પરંતુ મોટા ભાગના નેતાઓ આવા લોકોથી દુર રહેતા હોય છે. હવે આખા ફોટા તેઓ સોશીયલ મીડીયા પર મુકીને એવુ સાબિત કરવાનો પ્રયાસ છે કે તેઓ નેતાઓની નજીકના માણસ છે. તેમને નેતાઓ સાથે અંતરંગ સંબંધો છે. ઘણીવાર તેઓ પાર્ટીના કાર્યક્રમોમાં પણ ભાગ લે છે, આવુ કરવાથી તેઓ સરકારી કચેરીઓમાં એક સોશીયલ વર્કર કે પાર્ટીના કાર્યકર તરીકે જાય છે. એટલે તેમને એન્ટ્રી પણ સરળતાથી મળી જાય છે. સામાન્ય રીતે તેઓ સીધા અધિકારીઓને એપ્રોચ કરતા નથી.

પહેલા તેઓ પટાવાળા કે કલાર્ક કક્ષાના કર્મીઓને પોતાના ઈન્ફોર્મર બનાવે છે. ત્યાં આવતી અરજીઓ , ફરીયાદો અંગેની રજેરજની માહિતી તેઓ આ લોકો મારફતે મેળવી લે છે. આવુ મોટા ભાગે મહેસુલી અને પોલીસ તેમજ પાલિકાની કચેરીઓમા થતુ હોય છે. પછી આ દલાલો ફરીયાદી પાસે જાય છે કે તારૂ કામ કરવા આપુ, મારે ઉપર સુધી ઓળખાણ છે, તારૂ કામ થઈ જશે, તે તો ઠીક આ દલાલો જેની સામે અરજી થઈ હોય તેને પણ સંપર્ક કરે છે. તેને પણ કહેતા હોય છે કે તને બચાવી લઈશ, તારે ચિંતા કરવાની જરૂર નથી. આમ ફરીયાદી અને જેની સામે ફરીયાદ થઈ હોય બંનેને તેઓ સંપર્ક કરીને બંને પાસે થી રૂપીયા ઉઘરાવવાનો તપ્પો ઘડી કાઢે છે. તેમના પ્રયત્નો એવા હોય છે કે સરકારી કચેરીની બહાર જ બંને એક બીજા સાથે સેટલમેન્ટ કરી લે, એટલે તેમને બંને પાસેથી રૂપીયા ઉઘરાવવાનો મોકો મળી જાય છે. આ લોકો પાસે કેટલાક લુખ્ખાતત્વોની ફોજ પણ હોય છે. જો એક પાર્ટી વધુ રૂપીયા આપવાની વાત કરે તો સામેવાળાને દમ મારીને વધુ રૂપીયા અપાવવાનુ કામ કરાવી દે છે.

જો ખાનગીમાં સેટલમેન્ટ ન થાય તો તેઓ પછી સરકારી અધિકારી પાસે જઈને જે માણસ વધારે રૂપીયા આપે તેના સપોર્ટમાં નિર્ણય લેવા માટે દબાણ કરે છે. તેમાં જો અધિકારી માની જાય તો કામ પતી જાય, જો અધિકારી ન મને તો તેની ઉપર રાજકીય કે બીજુ દબાણ લાવવાનો પ્રયત્ન કરે છે. ઘણીવાર અધિકારીઓ ને એક યા બીજી રીતે બ્લેકમેઈલ કરીને કામ કરાવતા હોય છે. આ લોકો ગુંડા ટાઈપ તો હોય જ છે. બંને પાર્ટીઓ પાસેથી રૂપીયા લઈ લીધા પછી જો કામ ન થાય તો રૂપીયા પરત આપવા ગલ્લાતલ્લા કરે. જો પાર્ટી મજબુત હોય તો થોડાક રૂપીયા આપીને સેટલમેન્ટ કરી લે, પરંતુ આવા લોકોની જાળમાં ફસાયા પછી રૂપીયા પરત કઢાવવા લોઢાના ચણા ચાવવા જેવુ કામ હોય છે.

ઈમાનદાર નેતાઓ અને સરકારી અધિકારીઓ આવા લોકો પેધા ન પડે તે માટે તમામ પ્રક્રિયાઓ ઓનલાઈન કરવા માટેના પ્રયત્નો કરતા હોય છે. પરંતુ ભ્રષ્ટ લોકો તે સિસ્ટમને તોડી નાખે છે. ભ્રષ્ટ નેતાઓ અને અધિકારીઓને આવા લોકોની જરૂર હોય છે. એટલે તેમનુ કામ આસાન થઈ જાય છે. સામાન્ય રીતે લોકો પોતાના કામ ન થાય તો ચુંટાયેલા પ્રતિનિધિ પાસે જતા હોય છે. પરંતુ જયારે ચુંટાયેલા પ્રતિનિધિઓ શકિતશાળી ન હોય , તેઓ હોંશિયાર ન હોય ત્યારે આવા લોકો કામ આવે છે. લોકોને લાગે છે કે ચુંટાયેલા પ્રતિનિધિ કરતા તો આવા લોકો જલ્દી કામ કરાવી દે છે. એટલે લોકો આમની પાસે જાય છે. ચુંટાયેલા પ્રતિનિધિ કરતા આવા લોકોના સંપર્કો આખી સિસ્ટમમાં ખુબ જડબેસલાક હોય છે. એટલે તેમના કામ ખુબ જ ઝડપથી પતી જતા હોય છે. એટલે લોકો પણ આવા દલોલ મારફતે કામ કરાવવાનુ પસંદ કરતા હોય છે.

# અરવલ્લી જિલ્લા કોંગ્રેસ દ્વારા દાવલી ખાતે પ્રતિક ઉપવાસ સાથે ધરણાનો કાર્યક્રમ યોજાયો

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ



અરવલ્લી જિલ્લાના બિસ્માર રોડ રસ્તાઓ મામલે મોડાસા તાલુકાના દાવલી ગામે કોંગ્રેસ દ્વારા પ્રતિક ઉપવાસ અને ધરણાનો કાર્યક્રમ યોજાયો હતો. દાવલી-સરડોઈ-રખીયાલ તેમજ રખીયાલ, માલવણ, કેશાપુર, માર્ગોની અત્યંત ખરાબ હાલતને કારણે વાહન ચાલકો અને સ્થાનિક લોકો ત્રાહીમામ પોકારી ઉઠયા છે. જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અરૂણ પટેલે ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે જિલ્લાના રોડ રસ્તાઓ પરના ખાડાઓ સમયસર પુરવામાં આવતા નથી. મોટા ભાગના માર્ગોને પહોળા કરવાની તાત્કાલીક જરૂરીયાત હોવા છતાં કામ હાથ ધરાતુ નથી. ચાલી રહેલા કામો સમય મર્યાદામાં પૂર્ણ થતા નથી અને માર્ગોની કામગીરીમાં મોટા પાયે ભ્રષ્ટાચાર થતો હોવાનો પણ તેમણે આક્ષેપ કર્યો હતો. તેમણે ચેતવણી આપી હતી કે જો તાત્કાલીક રોડ રસ્તાના કામોના સુધારણા નહી થાય તો કોંગ્રેસ દ્વારા વધુ ઉગ્ર આંદોલન કરવામાં આવશે. ગુજરાત કોંગ્રેસના પ્રવકતા પ્રગતિબેન આહીરે જણાવ્યુ હતુ કે ચોમાસામાં રસ્તાઓ ખરાબ થવુ સમજાય તેવી બાબત છે, પરંતુ હાલ સુકા મોસમમાં પણ રોડ રસ્તાઓનુ સમારકામ ન થવુ અત્યંત દુઃખદ છે. કોંગ્રેસ પ્રજાનો અવાજ બની સરકાર સામે લડત ચાલુ રાખશે અને લોકો ને ન્યાય અપાવવા માટે સંઘર્ષ કરશે.

### સુરત ટેક્ષટાઇલ માર્કેટ અને ડાયમંડ માર્કેટમાં બનતા ચિટીંગના બનાવો બાબતે

# રાજયના ગૃહમંત્રી ગંભીર બનીને કડક પગલાં ભરે એવી વિકાસ ગ્રાહક સુરક્ષા અને સંશોધન કેન્દ્રની જાહેર અપીલ

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

ટેક્ષટાઈલ માર્કેટ અને ડાયમંડ સિટીથી ઓળખાતા સુરત શહેર ઈન્ટરનેશનલ માર્કેટ છે. અને એ જ માર્કેટોમાંથી માલ વિદેશોમાં એક્સપોર્ટ થાય છે. અને ભારતના અનેક રાજયોમાં પણ વિવિધ ટેક્ષટાઈલ નો માલ વેચાણ અર્થે જતો હોય છે. જે એક એજન્સી અને આડતિયાઓ હસ્તક હોલસેલના વેપારીઓથી લઈને સેમી હોલસેલ સુધી પહોંચીને છૂટક ગ્રાહકો સુધી માર્કેટના નીતિ-નિયમો અને ધારા-ધોરણે વેચાણ થતું હોય છે.

જે હોલસેલ વેપારીઓ એજ એજન્સીઓ અને આડતિયાઓ ઉપર કરોડો રૂપિયાનો માલ એમની વિશ્વસનિયતાને ધ્યાનમાં લઈ દેશના અન્ય રાજયો સહિત વિદેશોમાં જતો હતો. એ વિશ્વાસનો દૂરઉપયોગ કરીને એજન્સીઓ અને આડતિયાઓ એમના પોતાના નામે બિલો બનાવી વેચાણ લેનાર માલના વેપારીઓ પાસે ધારા-ધોરણના નીતિ-નિયમોનો ભંગ કરીને આડતિયાઓ અને એજન્સીઓના સંચાલકો વહેલું પેમેન્ટ પોતાના નામે લઈને હોલસેલ વેપારીઓને લાંબાગાળા સુધી પેમેન્ટ કરતાં નથી એના કારણે આખરે કંટાળેલા હોલસેલ વેપારીઓ જ્યારે માલ લેનાર મૂળ પાર્ટીને ફોન કરે છે ત્યારે આખું ભોપાળું બહાર આવતા જ હોલસેલ વેપારીઓ ચોંકી જતાં હોય છે. અને જ્યારે માલના બાકી પેમેન્ટ માટે એજન્સીઓ કે આડતિયાઓને પૂછવામાં આવે છે ત્યારે તેઓ ગેંગેફેફે થઈને વેપારીઓ સામે હાથ જોડી કરગરે છે. અને મીઠીમીઠી વાતો કરી એજન્સીઓના સંચાલકો અને આડતિયાઓ આખરે પોતાના ખાતાના ચેક હોલસેલ વેપારીઓને આપી મામલો ઠંડો પાડે છે.

પરંતુ આ એજન્સીઓ અને આડતિયાઓ એ આપેલા ચેકો વેપારીઓ લખેલી તારીખે ના નાંખે અને સમય વિતાવેએ પ્રકારની ગાઈડલાઈન એજન્સીઓ અને આડતિયાઓના એડવોકેટો આપતા હોવાથી ચેકની તારીખનો સમય વીતી જતાં કોઈ કાયદેસર કાર્યવાહી હોલસેલ વેપારીઓ કરી શકતા નથી. કારણકે તેઓ પોલીસ સ્ટેશનો અને કોર્ટ કચેરીના ચક્કરમાં પડવા માંગતા નહીં હોવાથી એનો એજન્સીઓ અને આડતિયાઓ દૂરઉપયોગ કરે છે. આમ હોલસેલ વેપારીઓના પેમેન્ટ ધારા-ધોરણનો ભંગ કરી ટકાવારી વધુ કાપી પેમેન્ટ લઈ લેતા એજન્સી સંચાલકો અને આડતિયાઓ એરપ્લેનોમાં મુસાફરી કરી દેશ-વિદેશોમાં રાતો રંગીન કરતાં હોય છે. જ્યારે મૂળ માલનો માલિક હોલસેલ વેપારી બિચારો પાર્ટી પાસે બાકી પૈસા લેવા દેશ-વિદેશમાં બસ અને ટ્રેનો ધ્વારા મુસાફરી કરતો હોય છે. જ્યારે માલ લેનાર પાર્ટી હોલસેલ વેપારીઓને જણાવેછે કે તમારું પેમેન્ટ તો બે મહિના પહેલા થઈ ગયું છે. ત્યારે વેપારીના પગ નીચેથી ધરતી ખસી જાય છે.

આવી મોડસ ઓપરેન્ડી આડતિયાઓ અને એજન્સીઓ ધ્વારા બંધ દુકાનો ભાડે રાખીને અન્ય ત્રાહિત વ્યક્તિને બેસાડી હોલસેલ વેપારીઓ પાસે માલ ખરીદીને માલ બારોબાર અન્ય વ્યક્તિઓને વેચી દુકાનોના પાટીયા બંધ કરીને રાતો રાત નવ-દો- ગ્યારાહ ગણી જતાં હોલસેલ વેપારીઓને રાતા પાણીએ રોવાના બનાવો પણ બની રહ્યા છે.

હવે એજ પ્રકારે ડાયમંડના ધંધામાં પણ હીરાના કારખાનેદારોના પેમેન્ટો બાયરો ધ્વારા ચાંઉ કરી જવાતા હીરાના કારખાનેદારોને કારીગરોને ચુકવવામાં આવતા પેમેન્ટ નહીં મળતા ભીંસમાં આવીને કારખાનેદારોએ ભૂતકાળમાં આપઘાત કરવાના બનાવો બની ગયા છે અને બની રહ્યા છે. એમાં પણ બાયરો હસ્તક કાચો માલ ઈમ્પોર્ટ કરાતો હોય છે અને એ જ માલ હીરાના કારખાનેદારો દ્વારા હીરાના કારીગરો પાસે તૈયાર કરાવીને જે તે પાર્ટીને બાયરો હસ્તક એકસપોર્ટ કરાતો હોય છે. જેના પેમેન્ટ બાયરો દ્વારા લઈ લેવાતા હોય છે અને હીરાના કારખાનેદારોને જ્યારે ખબર પડે છે કે મારા તૈયાર માલનું પેમેન્ટ બાયર દ્વારા લઈ લેવાયું છે. ત્યારે બાયરો પણ કાપડ માર્કેટના આડતિયાઓ જેવી નીતિ અપનાવી હીરાના કારખાનેદારોને ઉઠાં ભણાવે છે. જેનાથી હીરાના કારખાનેદારો પણ આખરે પોલીસ સ્ટેશન કે કોર્ટ કચેરીના ચક્કરમાં પડવા નહીં માંગતા હોવાથી એમની ભલમનસાઈ નો દુરુપયોગ કરીને બાયરો આવા ગોરખ ધંધાઓ કરતા હોવાથી હીરાના કારખાનેદારો પણ કાપડ માર્કેટના વેપારીઓ માફક જ્યારે તપાસ કરે છે ત્યારે બાયરોનો ભાંડો ફૂટે છે. એ જ બાયરો એરોપ્લેનમાં ફરીને રંગરેલીયા કરતા હોય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે જ્યારે રાજ્યના નાયબ મુખ્યમંત્રી અને ગૃહ મંત્રી એવા મૂળ સુરતના અને એ પણ મજૂરાગેટ વિસ્તારના રહેવાસી હોય ત્યારે આવા બનતા ગંભીર ગુનાઓ માટે સલાબતપુરા પોલીસ સ્ટેશનમાં સ્પેશિયલ ટેક્ષટાઈલમાં બનતા ચીટીંગ માટે પી.આઈ અને સ્ટાફની નિમણુંક કરવી જોઈએ. જે માત્ર ટેક્ષટાઈલના ગુનાની તપાસ કરી શકે. એ જ રીતે મહિધરપુરા તથા વરાછા પોલીસ સ્ટેશનમાં પણ ડાયમંડમાં થતા ચીટીંગ માટે સ્પેશિયલ પી.આઇ સહિત સ્ટાફની નિમણુંક કરવી જોઈએ જે માત્ર ડાયમંડ ના ચીટીંગની તપાસ કરી શકે.

આ બાબતે વિકાસ ગ્રાહક સુરક્ષા અને સંશોધન કેન્દ્રના દક્ષિણ ગુજરાતના પ્રમુખ છગનલાલ દોલતરામ મેવાડા એવા વેપારીઓ પાસે એફિડેવીટ કરાવશે કે જેઓએ એજન્સીઓ કે આડતિયાઓ અને બાયરો ને પેમેન્ટ સમય કરતાં વહેલું કર્યુ હોય અને એ પેમેન્ટ મૂળ હોલસેલ કાપડના વેપારીઓને કે રફ તૈયાર કરનાર હીરાના કારખાનાદારો ને ના મળ્યું હોય. અને એમના માટે હાઈકોર્ટમાં જાહેર હિતની પિટિશન (PIL) દાખલ કરીને વેપારીઓના ન્યાય માટે લડત ચલાવશે.

આખરે આ સંસ્થા દ્વારા નાયબ મુખ્યમંત્રીને ખાસ અપીલ કરીને આવા કેસો અંગે ગંભીર બની ઘટતું કરવા નમ્ર અપીલ છે.

### ૧૮થી વધુ કાર્યકરોની પોલીસ દ્વારા અટકાયત

# સરકારી શાળામાં શિક્ષકો તેમજ વર્ગખંડોની મોટા પ્રમાણમાં ઘટ સામે AAP વિદ્યાર્થી પાંખ ASAP દ્વારા રસ્તા રોકો આંદોલન

## સરકારી શિક્ષકોની અછત તાત્કાલિક ભરતી દ્વારા ભરવામાં આવે : સુરજ બગડા AAP





અમદાવાદ/રાજકોટ/ગુજરાત

સરકારી શાળાઓ નવી ચાલુ થવાના બદલે બંધ થવી, શિક્ષકોની ઘટમાં સતત વધારો અને વર્ગખંડોની ગંભીર અછત સામે, આજે આમ આદમી પાર્ટી વિદ્યાર્થી પાંખ ASAP દ્વારા રાજકોટના કિસાનપરા ચોક ખાતે પ્રતિકાત્મક રીતે વિધ્યાર્થીઓ બની શિક્ષકો-વર્ગખંડની અછત દૂર કરવાની માંગ કરી, પ્લે કાર્ડ સાથે રસ્તા રોકો આંદોલન કરી વિરોધ પ્રદર્શન યોજાયું હતું. જેથી પોલીસ દ્વારા તમામની ટીંગાટોળી કરી અટકાયત કરવામાં આવી. વિરોધ પ્રદર્શન દરમિયાન ASAP પ્રદેશ મહામંત્રી સુરજ બગડા દ્વારા જણાવવામાં આવ્યું કે, મળતી માહિતી મુજબ સરકારની ઉદાસીન નીતિઓને કારણે દેશમાં આશરે ૯૩,૦૦૦ જેટલી સરકારી શાળાઓને એક પછી એક બંધ કરવામાં આવી. આ નિર્ણય ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો માટે અત્યંત નુકસાનકારક છે. શિક્ષણને વ્યવસાયિક તેમજ ખાનગી બનાવવાની દિશામાં લેવાતા આવા પગલાં સામાજિક અસમાનતા વધારશે. હાલમાં ગુજરાતની અનેક સરકારી શાળાઓમાં વર્ષોથી મોટા પ્રમાણમાં શિક્ષકોની ખાલી જગ્યાઓ છે, જેથી મોટાં પ્રમાણમાં શિક્ષકોની ઘટ જોવા મળે છે, એક જ શિક્ષકને અનેક ધોરણો સંભાળવાની ફરજ પડે છે, ઉપરાંત વારંવાર શિક્ષકોને બિનશૈક્ષણિક કાર્યો સોંપવામાં આવે છે, જે ગુણવત્તાસભર શિક્ષણને અશક્ય બનાવે છે. ગુજરાતની આશરે ૧૯૦૦૦ શાળાઓમાં પૂરતા વર્ગખંડો નથી, એક વર્ગખંડમાં એક કરતા વધુ ધોરણના વિદ્યાર્થીઓને બેસાડવામાં આવે છે તેથી વિદ્યાર્થીઓ ભીડભાડમાં અથવા ખુલ્લા મેદાનમાં અભ્યાસ કરવા મજબૂર છે - જે શિક્ષણ પ્રણાલી માટે શરમજનક સ્થિતિ છે. શું આટલા વર્ષોના શાસન પછી પણ આ છે ભાજપનું ગુજરાત મોડલ?

વિરોધ પ્રદર્શન થકી આમ આદમી પાર્ટી વિધ્યાર્થી પાંખ ASAP ટીમ દ્વારા સરકાર સમક્ષ માંગ કરવામાં આવી કે, ગુજરાતમાં સરકારી શિક્ષકોની ઘટ તાત્કાલિક ભરતી દ્વારા ભરવામાં આવે, શાળાઓમાં નવા વર્ગખંડો અને જરૂરી માળખાકીય સુવિધાઓ પૂરી પાડવામાં આવે. સમગ્ર વિરોધ પ્રદર્શન દરમિયાન વિદ્યાર્થી નેતા સુરજ બગડા, પ્રણવ ગઢવી, કલાપી વારા, ફરાઝ મોગલ, તક્ષ ડોબરીયા, પિયુષ ભંડેરી, શાહિદ અન્સારી, વાળા રાજ, આર્યન પઠાણ, દર્શન ગજેરા, કેવલ સાવલીયા, યોગેશ પારખીયા, મિલન બોરસરિયા, મનોહરસિંહ પરમાર, જયંતિ નસીત, વિનુભાઇ શિંગાળા, શીતલબેન ગોહિલ, દિવ્યાબેન ગોહિલ વગેરેની અટકાયત કરવામાં આવી.

# ગુજરાતનું બજેટ ખેડૂત વિરોધી : પ્રવીણ રામ AAP

## ખેડૂતોને સીધી સહાય વિના રજૂ થયું રાજ્યનું બજેટ, ખેડૂત હિતોની અવગણના કરતું બજેટ: પ્રવીણ રામ AAP

અમદાવાદ/જૂનાગઢ/

આમ આદમી પાર્ટીના પ્રદેશ ફ્રન્ટલ અધ્યક્ષ પ્રવીણ રામે ગુજરાત સરકાર દ્વારા રજૂ કરાયેલ બજેટને ખેડૂતવિરોધી બજેટ ગણાવ્યું હતું. તેમણે વિડિયોના માધ્યમથી જણાવ્યું હતું કે ગુજરાતના ખેડૂતો વર્ષોથી કુદરતી આફતોના કારણે પીડાઈ રહ્યા છે. વારંવાર કુદરતી આફતોના કારણે તેમનો પાક નિષ્ફળ જાય છે. આવી પરિસ્થિતિમાં રાજ્યના ખેડૂતોને સરકાર પાસેથી અપેક્ષા હતી કે આ બજેટમાં પાકના રક્ષણ અને સહાય માટે કોઈ મોટી યોજના જાહેર કરવામાં આવશે. તેમણે જણાવ્યું કે પાક વીમા યોજના ઘણા વર્ષોથી ચાલી રહી છે, છતાં ખેડૂતોને પૂરતો લાભ મળતો નથી. તેથી સરકાર નવી અને અસરકારક યોજના લાવશે તેવી આશા હતી. પરંતુ હાલના બજેટમાં ખેડૂતોના પાકના રક્ષણ કે સીધી સહાય માટે કોઈ મહત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી નથી. પ્રવીણ રામના મતે, ખેડૂતોની આશાઓ પર પાણી ફેરવાયું છે અને આ બજેટ ખેડૂતો માટે લાભદાયક સાબિત થશે એવું લાગતું નથી. તેમણે આક્ષેપ કર્યો કે રાજ્ય સરકાર ખેડૂતવિરોધી માનસિકતા ધરાવે છે અને આ બજેટ તેના પુરાવા સમાન છે.

# હોળી ધુળેટીના તહેવારોમાં પ્રવાસીઓના ઘસારાને પહોંચી વળવા ૧૩૦૦ એસટી બસો દોડાવાસે

પ્રતિનિધિ,ગાંધીનગર



હોળી અને ધુળેટીના તહેવારો દરમિયાન નાગરીકો પોતાના પરીવાર સાથે વતનમાં તહેવાર ઉજવી શકે તે માટે રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા વધારાની બસોનુ સંચાલન કરવામાં આવશે. ગત વર્ષની સરખામણીએ આ વરસે વધારો કરીને કુલ ૧૩૦૦ વધારાની બસો દ્વારા ૭૫૦૦ થી વધુ ટ્રીપોનુ સંચાલન કરવામાં આવશે.

હોળી અને ધુળેટીના તહેવારો દરમિયાન અમદાવાદ, રાજકોટ, અમરેલી, જુનાગઢ, ભાવનગર અને ભુજ જેવા વિસ્તારોમાંથી ગોધરા, દાહોદ, ઝાલોદ અને છોટા ઉદેપુર તરફ જનારા મુસાફરો માટે વિશેષ સુવિધા ઉભી કરવામાં આવી છે. હોળીના તહેવારમાં ડાકોરમાં ફુલડોલોત્સવ તથા દ્વારકામાં પણ લાખો ભાવી ભકતો દર્શનાર્થે જતા હોય છે. ભકતોને પરીવહનમાં કોઈપણ અગવડ ન પડે તે હેતુથી દ્વારકા અને ડાકોર જનારા દર્શનાર્થીઓ માટે ૪૫૦ બસો દ્વારા ૩૫૦૦ ટ્રીપો ફાળવવામાં આવી છે. ઉલ્લખેનીય છે કે આ વિશેષ સેવાઓ તારીખ ૨૭ ફેબ્રુઆરી થી ૫ માર્ચ ૨૦૨૬ દરમિયાન કાર્યરત રહેશે. મુસાફરોની સુવિધા અને ભીડને ટાળવા માટે નિગમ દ્વારા ઓનલાઈન બુકીંગની વ્યવસ્થા કરવામાં આવી છે. મુસાફરો નિગમની વેબસાઈટ www.gsrtc.in અથવા GSRTC મોબાઈલ એપ્લીકેશન દ્વારા એડવાન્સ બુકીંગ કરાવી શકે છે. આ સમગ્ર સંચાલન સંબંધીત કોઈપણ પુછપરછ માટે મુસાફરો નિગમના ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૨૩૩ ૬૬૬૬૬૬ પર ૨૪ કલાક સંપર્ક કરી શકે છે. દરેક ડેપો ખાતેથી પણ આ વધારાની સર્વિસોની માહિતી અને ટીકીટ ઉપલબ્ધ રહેશે. રાજયના નાગરીકોને આ પરીવહન સેવાનો મહત્તમ લાભ લેવા અને મુસાફરી સુરક્ષિત બનાવવા એસટી નિગમ દ્વારા અપીલ કરવામાં આવી છે.

# ૯૮ ટકા હોનહાર છોકરીઓ શિક્ષણથી વંચિત: આનંદીબેન પટેલની સમાજને ચેતવણી

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



સુરતમાં તાજેતરમાં યોજાયેલા ક્રાફટ રૂટ કાર્યક્રમમાં ઉત્તર પ્રદેશના રાજયપાલ તથા ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલે પટેલ સમાજમાં વધી રહેલા પટેલવાદ અને જાતિ આધારીત વિભાજનો પર તીવ્ર ટીકા કરી હતી. આ કાર્યક્રમ તેમની પુત્રી અનાર પટેલ દ્વારા આયોજીત હતો. જેનો હેતુ નાના કલાકારોને મોટુ પ્લેટફોર્મ આપવાનો છે,

આનંદીબેન પટેલે સ્પષ્ટ શબ્દોમાં કહ્યુ હતુ કે હું પટેલ છુ અને અહીં બેઠેલા ઘણા લોકો પણ પટેલ છે, પરંતુ મારા લોહીમા કયાંય પટેલવાદ નથી, તેમણે સમાજના આંતરીક ભેદભાવ, ખાસ કરીને લેઉઆ અને કડવા પટેલના નામે થતા વિભાજન પર સવાલ ઉઠાવતા કહયુ હતુ કે આપણે કયાં સુધી લેઉઆ , કડવા ના નામે વહેંચાયેલા રહીશુ ? તેમના મતે પટેલ હોવાનો સાચો અહેસાસ નેતૃત્વ, સેવા અને સમાજની એકતામાં જ હોવો જોઈએ, નહી કે જાતિવાદી વિચારસરણી માં પોતાના બાળપણના અનુભવો યાદ કરતા તેમણે જણાવ્યુ હતુ કે પહેલા ગામમાં થોડા પટેલ પરીવારો હોવા છતાં ગામની કોઈપણ દિકરીના લગ્નની જવાબદારી આખુ ગામ ઉપાડતુ હતુ આજની પેઢીને પૂર્વજોની ઉદારતા અને સહકારની ભાવનાથી પ્રેરણા લેવાની સલાહ આપી,

પુત્રી અનાર ને સંબોધીને તેમણે કહ્યુ કે સંસ્થાઓનો ઉપયોગ માત્ર પોતાની જાતિ સુધી સિમિત ન રાખવો જોઈએ. જો બીજા સમાજનો કોઈ જરૂરીયાતમંદ વ્યકિત આવે તો તેની મદદ કરવી એ જ સાચો ધર્મ છે. શિક્ષણ અને સમાજ સેવા પર ખાસ ભાર મુકતા તેમણે કહયુ હતુ કે ૯૮ ટકા પ્રતિભાશાળી છોકરીઓ આર્થિક તંગીને કારણે અભ્યાસ છોડી દે છે. જે સમાજ માટે શરમજનક છે, તેમણે સમૃધ્ધ પટેલ ભાઈઓને અન્ય સમાજની ગરીબ છોકરીઓની ફી ભરી તેમને ભણાવવાની અપીલ કરી હતી. તેમણે કહયુ હતુ કે તેઓ અનેક બાળકોની ફી ભરે છે, એવી રીતે કે બાળકને ખબર પણ ન પડે કે મદદ કોણે કરી , વાહવાહીની અપેક્ષા વિના નિસ્વાર્થ સેવા કરવાનુ મહત્વ સમજાવ્યુ હતું. આ વકતવ્ય હાલના સામાજિક રાજકીય વાતાવરણમાં ખુબ ચર્ચામાં છે. તે જાતિવાદને લઈને નવી વિચારધારા ઉભી કરી શકે છે અને સમાજમાં વ્યાપક એકતા તથા સેવાના મહત્વને રેખાંકીત કરે છે.

# શિક્ષકે વિદ્યાર્થીની ની આબરૂ લુંટી: દિકરીએ શાળા બદલી છતા શિક્ષકે પીછો ન છોડયો

પ્રતિનિધિ,ગાંધીનગર




ગુજરાતમાં ક્રાઈમના કેસમાં સતત વધારો થઈ રહયો છે. ગુજરાત એક સમયે મહિલાઓ માટે સૌથી વધારે સેફ ગણાતુ હતુ પરંતુ હવે કહેવુ ખોટુ પડશે, રાજયમાંથી એવા એવા બનાવો બહાર આવી રહયા છે કે જેને સાંભળીને તમને ભરોસો પણ ન આવે કે આ આપણુ ગુજરાત છે. મહિલા સેફટીની અહીંયા મોટી મોટી ગુલબાંગો ઠોકવામાં આવે છે. પરંતુ આ વાતો ખાલી કહેવા પુરતી કહેવાતી હોય એવુ લાગે છે. આ વાતને ખોટી પાડતો ફરી એક બનાવ બનવા પામ્યો છે. ખેડા જિલ્લાના ઠાસરા તાલુકાના ચીતલાવ ગામમાંથી સમાજને શર્મસાર કરે તેવી ગંભીર ઘટના બહાર આવી છે. ગામની એક સગીર વિદ્યાર્થીની સાથે પ્રાથમિક શાળાના શિક્ષકે દુષ્કર્મ આચર્યુ હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. દિકરી ધોરણ ૮ સુધી ચીતલાવ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતી હતી. તે દરમિયાન જ શૈલેષ રાઠવા નામનો શિક્ષક તેણીને હેરાન પરેશાન કરતો હતો. પરીવારજનોએ જણાવ્યુ હતુ કે શરૂઆતમાં અડપલા અને અશ્લીલ વર્તનથી શરૂઆત કરનાર શિક્ષકનો બદઈરાદો ધીમેધીમે ગંભીર ગુન્હામાં પરીવર્તીત થયો , ધોરણ ૮ પૂર્ણ કર્યા બાદ દિકરી આગળના અભ્યાસ માટે સાવલી ખાતે ધોરણ ૯ માં પ્રવેશ લીધો હતો. છતાં આરોપી શિક્ષકે તેણીનો પીછો છોડયો ન હતો અને વારંવાર સંપર્ક કરવાનો પ્રયાસ કરતો હતો. અંતે ઘટના દુષ્કર્મ સુધી પહોચતા પીડીતાએ પરીવારને સમગ્ર હકીકત જણાવી હતી. પરીવારજનોએ તાત્કાલીક કાનુની કાર્યવાહીનો સહારો લઈને ડાકોર પોલીસનો સંપર્ક કર્યો હતો. પોલીસે આરોપી શિક્ષક શૈલેષ રાઠવા વિરૂધ્ધ પોસ્કો સહિતની ગંભીર કલમો હેઠળ ફરીયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

# વાસ્તવિક સમસ્યાઓ, માંગણીઓ ગુજરાતની જનતાની અપેક્ષાથી વિપરીત : ૨૦૪૭ ના સ્વપ્નો બતાવતુ બજેટ : અમિત ચાવડા

પ્રતિનિધિ,ગાંધીનગર



ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડાએ પ્રેસ કોન્ફરન્સ યોજી જણાવ્યુ હતુ કે વર્ષ ૨૦૨૬-૨૭ નુ બજેટ ગઈ કાલે ગુજરાત વિધાનસભામાં રજુ થયુ ત્યારે રાજયની જનતાને સરકાર પાસેથી ભારે આશા અને અપેક્ષા હતી કે ડબલ એન્જીન સરકાર જનહિતમાં ઠોસ પગલા ભરતુ બજેટ રજુ કરશે. પરંતુ રજુ થયેલુ બજેટ સ્પષ્ટ કહે છે કે આ ડબલ એન્જીનમાંથી એક એન્જીન મોંઘવારી વધારવાનુ અને બીજુ ભ્રષ્ટાચારને પ્રોત્સાહન આપવાનુ કામ કરી રહ્યુ છે.

૪ લાખ ૮ હજાર કરોડ ના આંકડાનો ઢોલ પીટી વિકાસના નારા આપવામાં આવ્યા છે. પરંતુ જમીન પર સામાન્ય લોકો માટે રાહત જોવા મળતી નથી. ૨૦૨૬-૨૭ ના બજેટમાં ૨૦૪૭ ના સપના બતાવવામાં આવે છે. જયારે આજની હકીકતોને નજરઅંદાજ કરવામાં આવી છે, ગુજરાતના ખેડુતો કુદરતી આફતો, કમોસમી વરસાદ અને બજારભાવના અભાવે હેરાન પરેશાન છે. અનેક ખેડુત આર્થિક સંકટમાં ડુબેલા છે. આત્મહત્યાની ઘટનાઓ બનતી રહી છે. છતા ખેડુતોના સંપૂર્ણ દેવા માફીની સરકારે એકપણ જાહેરાત બજેટમાં કરવામાં આવી નથી. પાક વિમા યોજના રાજય સરકાર દ્વારા અમલમાં લાવવાની માંગ વારંવાર ઉઠી છે. છતાં બજેટમાં એ મુદ્દે મૌન ધારણ કરવામાં આવ્યુ છે. મહિલાઓ માટે મોંઘવારીમાંથી રાહતની કોઈ જાહેરાત નથી , અન્ય રાજયોમાં ગેસ સીલીન્ડર સસ્તા આપવાની યોજનાઓ અમલમાં છે પરંતુ ગુજરાતની બહેનો માટે ગેસના બાટલામાં રાહત કે માસિક સહાય જેવી કોઈ યોજના જાહેર કરવામાં આવી નથી. મહિલા અને બાળ વિકાસ માટેનો વધારો પણ નગણ્ય છે. જે મહિલાઓની અપેક્ષાઓ પર પાણી ફેરવે છે. યુવાનો અને કામદારો માટે પણ આ બજેટ નિરાશાજનક છે.

મનરેગા કામદારોના વેતન વધારો, અસંગઠીત ક્ષેત્રના લઘુત્તમ વેતનમાં સુધારો કે ફીકસ પે અને કોન્ટ્રાકટ પ્રથા નાબુદ કરવાની કોઈ જાહેરાત કરવામાં આવી નથી. આશાવર્કર, આંગણવાડી બહેનો, મધ્યાહન ભોજનના કર્મચારીઓ, લાંબા સમયથી સમાન કામ, સમાન વેતનની માંગ કરી રહયા છે. પરંતુ તેમની આશાઓને ફરી એકવાર અવગણવામાં આવી છે. ઓલ્ડ પેન્શન સ્કીમ ની માંગ પર પણ સરકાર મૌન છે. સામાજિક ન્યાયની વાતો ભલે થાય પરંતુ એસસી , એસટી , ઓબીસી , માઈનોરીટી, દિવ્યાંગ અને વૃધ્ધ નાગરીકો માટે વસ્તીના પ્રમાણમાં યોગ્ય ફાળવણીનો સ્પષ્ટ ઉલ્લેખ જોવા મળતો નથી. વિધવા , વૃધ્ધ અને દિવ્યાંગ પેન્શનમાં વધારો કરવાની માંગ પણ સ્વીકારવામાં આવી નથી. મોટા ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેકટ, ગેમ્સ અને ઉદ્યોગોના નામે આંકડાઓ રજુ કરીને વિકાસનુ ચિત્ર દેખાડવામાં આવ્યુ છે. પરંતુ રોજગાર, કૃષિ, મોંઘવારી અને સામાજિક સુરક્ષા જેવા મુળ પ્રશ્નોને અવગણવામાં આવ્યા છે. બજેટ જનતાને ન્યાય આપતુ નહી પરંતુ જાહેરાતો અને પ્રચારથી ભરેલુ દસ્તાવેજ છે. ગુજરાતને સપનાઓ નહી હકીકતમાં રાહત જોઈએ. આ બજેટ રાજયની જનતાની આશા અપેક્ષા વિરૂધ્ધ છે. અને સરકારની પ્રાથમિકતાઓ જનહિતથી દુર હોવાનુ સ્પષ્ટ કરે છે.

# જામ ખંભાળીયામાં નગરપાલિકા વિસ્તારમાં ગંદકીથી લોકો ત્રાહિમામ: પાલિકાનું બેજવાબદાર તંત્ર

(સંપૂર્ણ સમાચાર સેવા)જામ ખંભાળીયા

જામ ખંભાળીયામાં નગરપાલિકા વિસ્તારમાં ગંદકીથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. રાવળ પાડા રહેણાંક વિસ્તારમાં સતત ઉભરાતી ગટરોના પગલે ગંદકીથી ખદબદી ઊઠ્યો છે. જામ ખંભાળીયાના મુખ્ય માર્ગ પર ભરાયેલા રહેતા ગટરોના ગંદા પાણીમાંથી પસાર થવા રાહદારીઓ અને વાહનચાલકો મજબૂર છે. સતત ભરાયેલા રહેતા ગટરના ગંદા પાણીને કારણે રોગચાળો વકરવાનો સ્થાનિકોમાં ભય જોવા મળ્યો છે. ગંદકીના કારણે બાળકો પણ બિમાર પડી રહ્યા હોવાનો સ્થાનિકોએ આરોપ લગાવ્યા છે. લોકોએ આરોપ લગાવ્યો કે પાલિકા તંત્ર અને સદસ્યોને અનેક રજૂઆતો કરવા છતાં સફાઈની સચોટ કામગીરી કરાતી નથી. પાલિકાનું બેજવાબદાર તંત્ર કુંભકર્ણની નિંદ્રામાં હોય તેવા દ્રશ્યો સામે આવ્યા છે. ગંદકીથી ખદબદી રહેલા રાવળ પાળા વિસ્તારમાં તાત્કાલિક અને કાયમી ઉકેલ લાવવા સ્થાનિકોમાં ઉગ્ર માંગ ઉઠવા પામી છે.

# અંબાજીમાં જય અંબે તિથિ ભોજન માટે અનંત અંબાણીએ કર્યુ ૨૭ કરોડનું દાન

(સંપૂર્ણ સમાચાર સેવા)અંબાજી

યાત્રાધામ અંબાજીમાં મા અંબેના દર્શનાર્થે દરરોજ હજારો ભક્તો આવે છે. હવે આ ભક્તોને નિઃશુલ્ક અને ભરપેટ ભોજન મળે તે માટે 'જય અંબે તિથિ ભોજન યોજના'નો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ પવિત્ર પહેલમાં એક જ દિવસમાં ૩૦ કરોડ રુપિયાનું દાન મળ્યુ છે. જેમાં સૌથી મોટું યોગદાન અનંત અંબાણી દ્વારા આપવામાં આવ્યું છે. જય અંબે તિથિ ભોજન યોજના અંતર્ગત રીલાયન્સ ફાઉન્ડેશનના અનંત અંબાણી દ્વારા ૨૭ કરોડની રકમ અર્પણ કરાઈ છે. આ દાનથી અંબાજી આવતા માઈભક્તોને પ્રસાદ સ્વરૂપે નિઃશુલ્ક ભોજન ઉપલબ્ધ કરાવવામાં આવશે. યોજનાના પ્રારંભ દિવસે જ ભક્તોમાં અદભૂત ઉત્સાહ જોવા મળ્યો હતો અને કુલ ૩૦ કરોડ રૂપિયાથી વધુ દાન એકત્ર થયું હતું.

જય અંબે તિથિ ભોજન યોજના હેઠળ એક દિવસના બંને સમયના ભોજન માટે ૧ લાખ ૫૧ હજાર રૂપિયાની રકમ નક્કી કરવામાં આવી છે. શ્રદ્ધાળુઓ પોતાના પરિવારજનોની જન્મતિથિ, લગ્નવાર્ષિકી કે પુણ્યતિથિ જેવા પ્રસંગે આ યોજના અંતર્ગત દાન આપી શકે છે. આ રીતે દાન આપનાર ભક્તો મા અંબેની કૃપા મેળવવા સાથે સમાજ સેવા પણ કરી શકે છે. અમદાવાદના એક શ્રદ્ધાળુએ પણ તિથિ ભોજન યોજનામાં ૫૨ લાખની રકમ ભેટ ધરી છે.